**સુવિચાર**
પ્રત્યેક વ્યકિત ઈચ્છે છે કે પોતાના સર્જનકાર્યને સૌની પ્રશંસા મળે, માન અને માન્યતા મળે.
:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૩/૦૮/૨૦૨૪, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ અષાઢ વદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૯૯

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધઃ હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
કીડની / પ્રોસ્ટેટ / પથરી
Prostate Cancer
નવજીવન જનરલ હોસ્પિટલ
ડો.જય માકડીયા યુરોલોજીસ્ટ
તારીખ : 03-૦૮-૨૦૨૪,શનિવાર
સમય બપોરે ૦૨:૦૦ થી ૦૫:૦૦
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## એરસ્ટ્રીપની લંબાઈ વધારવામાં અન્ય બાંધકામો નડતરરૂપ હોવાથી

# અમરેલીનાં હયાત એરપોર્ટનો વિકાસ કરવામાં મુશ્કેલી

**નાગરિક ઉડ્ડયન વિભાગે નવા ગ્રીન ફીલ્ડ એરપોર્ટ માટે નવી જમીનની માંગણી કરી હોવાનું જાણવા મળ્યું**

**અમરેલીથી સુરત વચ્ચે ચાલતાં ચોપર પ્લેનની સુવિધા ત્યાં સુધી શરૂ રહે તેવું લાગે છે**

**અમરેલીમાં જમ્બો હવાઈ જહાજ આવન-જાવન કરી શકે તે માટે નવા સ્થળની પસંદગી કરવી પણ જરૂરી**

**હયાત એરપોર્ટની જમીન ઉપર ભવિષ્યમાં ક્રિકેટ સ્ટેડીયમ પણ બનાવી શકાય**







અમરેલી, તા. ૨

અમરેલીમાં હયાત એરપોર્ટની એરસ્ટ્રીપની લંબાઈ વધારવા માટે જરૂરી જમીનનો અભાવ હોવાથી જમ્બો હવાઈ જહાજની આવન–જાવન થઈ શકે તેમ ન હોય જેથી નવું ગ્રીન ફીલ્ડ એરપોર્ટ માટેની જમીન માટેની કાર્યવાહી શરૂ થાય તેવું લાગી રહ્યું છે.

અમરેલીનાં હયાત એરપોર્ટ ઉપર આજે દરરોજ ૯ સીટર ચોપર હવાઈ જહાજ સુરત સુધી એક વખત આવન–જાવન કરે છે. પરંતુ મોટી સાઈઝનાં હવાઈ જહાજ માટે નવી એરસ્ટ્રીપની જરૂર પડે. પરંતુ એરસ્ટ્રીપની લંબાઈ વધારવી મુશ્કેલ છે. કારણ કે એક તરફ રહેણાંક વિસ્તાર અને બીજી તરફ હોસ્પિટલ, સ્પોર્ટસ સંકુલ તેમજ અન્ય બાંધકામો હોવાથી એરપોર્ટ વિભાગ નવા એરપોર્ટ માટે સરકાર સમક્ષ નવી જમીનની પસંદગી કરશે તેવું જાણવા મળેલ છે. જો કે ત્યાં સુધી અમરેલી–સુરત વચ્ચેની હવાઈ સેવા શરૂ રહે તેવું લાગે છે અને ભવિષ્યમાં હયાત એરપોર્ટ ઉપર ક્રિકેટ સ્ટેડીયમ કે અન્ય સ્પોર્ટસ સંકુલ બનાવી શકાય તેમ છે.

જો કે હજુ સુધી કોઈ સત્તાવાર વિગતો બહાર આવી નથી. આ અંગે અમરેલીનાં સાંસદે તમામ વિગતો અંગે કોઈ જાણકારી જાહેર કરવી જરૂરી છે.

## સાવરકુંડલાનાં મારૂતિનગરમાં પિયર ધરાવતી

# રાજુલા ગામે રહેતી પરિણીતાએ સાસુ સાથે મનદુઃખ થતાં એસિડ પી જતાં સારવાર દરમિયાન મોત

**બનાવ અંગે વિભાગીય પોલીસ અધિકારીએ તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨

સાવરકુંડલા ગામે આવેલ મારૂતીનગર કાનજી બાપાની જગ્યા પાછળ રહેતા પ્રિયાબેન યશભાઈ ટાંક નામની ૨૧ વર્ષિય પરિણીતાએ ગત તા. ૨૧/૫/૨૦૨૩ ના રોજ રાજુલા મુકામે આવેલ બ્રાહ્મણ સોસાયટીમાં પોતાના રહેણાંક મકાને તેમના સાસરીયામાં હોય અને તે વખતે તેમના સાસુ સાથે કોઈ વાતને લઈને અણબનાવ બનેલ હોય. જેથી પરણિતાને મનમાં લાગી આવતા પોતે પોતાની મેળે એસીડ પી લીધેલ હોય. જેથી પ્રથમ તેણીને મહુવા હનુમંત હોસ્પિટલ ખાતે અને બાદમાં ભાવનગર બિમ્સ હોસ્પિટલમાં સારવારમાં દાખલ કરેલ હોય. બાદમાં વધુ તકલીફ થતા તેણીને સુરત સરકારી હોસ્પિટલ ખાતે સારવારમાં દાખલ કરેલ હતાં. દવાખાનામાં રજા મળ્યા બાદ તેણી તેમના પિયરમાં સાવરકુંડલા રહેતા હોય. તેણીએ એસીડ પી લેતા તેમના પેટની અંદરના ભાગે ના અવયવો ડેમેજ થઈ ગયેલ હતા અને સારવાર સુરત સરકારી હોસ્પિટલ ખાતે શરૂ હોય. બાદમાં વધુ તકલીફ થતા તેણીને રાજકોટ સરકારી હોસ્પિટલમાં સારવારમાં દાખલ કરેલ હતાં. જયાં તેણી તા. ૧ ના રોજ મરણ ગયાનું રાજુલા પોલીસમાં જાહેર થતાં બનાવ અંગે સાવરકુંડલાના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

## શહેરમાં અંદાજિત ૩ હજાર જેટલા ગૌવંશ નિરાધાર ભટકે છે

# અમરેલીનાં હાર્દસમા ડો. જીવરાજ મહેતા ચોકમાં મોટી સંખ્યામાં રખડતા પશુઓનો કાયમી જમેલો

**દિ'ઉગેને અકસ્માત અને ટ્રાફિકની સમસ્યા છતાં કોઈ નિરાકરણ નથી**





અમરેલી, તા. ૨

અમરેલી શહેરની જનતામાં રખડતા પશુઓને લઈને શાસકો સામે નારાજગીનો માહોલ ઉભો થયો હોય જવાબદાર વિભાગનાં અધિકારીઓ અને પદાધિકારીઓએ સમસ્યાનું નિરાકરણ કવું જરૂરી છે.

અમરેલીનાં હાર્દસમા ડો. જીવરાજ મહેતા ચોકમાં દરરોજ મોટી સંખ્યામાં રખડતા પશુઓ અડિંગો જમાવી બેઠા હોવાથી અવારનવાર માર્ગ અકસ્માત કે ટ્રાફિક સમસ્યા ઉભી થતી હોય શહેરીજનોને ત્યાંથી પસાર થવામાં મુશ્કેલી ઉભી થઈ રહી છે.

## ૩ અજાણ્યા તસ્કરનું કારસ્તાન

# વડિયાનાં કોલડા ગામે રહેણાંક મકાનોમાંથી ૧.૩ લાખનાં મુદ્દામાલની ચોરી

**સ્થાનિક પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૨

વડીયા તાલુકાના કોલડા ગામે રહેતા રમેશભાઈ હરીભાઈ જોષી નામનાં ૫૦ વર્ષિય વિપ્રનાં રહેણાંક મકાનનું તા. ૩૧ ના રાત્રીના ૮ વાગ્યાથી થી તા. ૧ સવારે ૫ દરમ્યાન કોઈપણ સમયે ત્રણ અજાણ્યા ચોર ઈસમોએ દરવાજાનો નકુચો તથા તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી રૂમનાં દરવાજાની સાંકળનો નકુચો તથા તાળુ તોડી રૂમમાં રાખેલ કબાટનો લોક તોડી કબાટમાં રાખેલ એલ્યુ.નાં ડબ્બામાં રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦ તેમજ જુનાં ચાંદીનાં રાણી વિકટોરીયાનાં મુદ્રા વાળા રાણી સિક્કા વજન આશરે ૧૦ ગ્રામ એવા કુલ નંગ–૨૧ રાણી સિક્કા કુલ વજન ૨૧૦ ગ્રામ કિંમત રૂા. ૨૧૦૦ મળી કુલ રૂપિયા ૧,૦૨,૧૦૦ ની ચોરી કરી તેમજ મકાનની બાજુની શેરીમાં આવેલ કોલવા ભગતનાં મંદિરમાં પ્રવેશ કરી મંદિરનાં ગર્ભ ગૃહનાં મુખ્ય બંધ દરવાજાનો નકુચો તોડી ગર્ભ ગૃહની અંદર આવેલ કોલવા ભગતની મુર્તિ ઉપર ચાંદીનાં છત્તર નંગ–૨ વજન આશરે ૪૦૦ ગ્રામ આશરે કિંમત રૂપિયા ૮૦૦ તથા ચાંદીનુ મુંગટ જેનાં વજનની ખરાઈ થયેલ ન હોય અને જેની આશરે કિંમત રૂપિયા ૧૦૦ તથા મુર્તિ પર ચડાવેલ ચાંદીનો હાર જેનો વજન ખરાઈ થયેલ ન હોય આશરે રૂપિયા ૨૦૦ સહિત મંદિરમાંથી ચાંદીની કુલ રૂપિયા ૧૧૦૦ ની રકમની ચોરી કરી કુલ મળી રૂપિયા ૧,૦૩,૨૦૦ ની ચોરી કરી લઈ ગયા તેમજ પ્લોટ વિસ્તારમાં રહેતા અરજણભાઈ મોહનભાઈ સોરઠીયાનાં બંધ મકાનનાં મુખ્ય ડેલાનાં દરવાજાનું તાળુ તોડી ચોરી કરવાની કોશિષ કર્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,250/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૨/૦૮/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી, પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન, વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત, લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ : - રસીકરણ કેન્દ્ર, નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU, આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર, જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

### આચ્છાદનના અનેક ફાયદાઓ, આ પદ્ધતિને અપનાવી જમીનને વધુ સારી ગુણવત્તા અને ઉપજ આપતી બનાવી શકાય

# જમીનને ફળદ્રુપ બનાવતા સુક્ષ્મ જીવાણુંઓને ગરમી, ઠંડી, અતિવૃષ્ટિ અને વાવાઝોડા જેવા ખતરાથી બચાવવા માટે આચ્છાન જરૂરી

**આચ્છાદાન પવનની ગતિ ઘટાડે છે જેથી જમીનમાં ભેજ જળવાઈ રહે છે, વરસાદની ગતિની અસર પણ ઘટાડે છે જેથી જમીન પર ખાડા પડતા નથી**



અમરેલી તા. ૨

રાજયને આગામી ૦૫ વર્ષમાં ૧૦૦ ટકા પ્રાકૃતિક ખેતી યુક્ત બનાવવા માટે રાજયપાલથી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં માર્ગદર્શન હેઠળ મિશન મોડમાં પ્રયાસો શરૂ છે. ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ અને તેની વિવિધ પદ્ધતિઓ વિશે માર્ગદર્શન આપવામાં આવે છે. પ્રાકૃતિક કૃષિમાં જમીનમાં ઉત્પન્ન થતા સુક્ષ્ણ જીવાણુઓનું અતિ મહત્વ છે. જમીનને ફળદ્રુપ બનાવતા ખેડૂતોના સાચા મિત્ર એવા આ જીવાણુઓને ગરમી, ઠંડી, અતિવૃષ્ટિ અને વાવાઝોડા જેવા ખતરાથી બચાવવા માટે આચ્છાદન (મલ્ચિંગ) જરૂરી છે.

આચ્છાદન દ્વારા જમીનને વધુ સારી ગુણવત્તા અને ઉપજ આપતી બનાવી શકાય છે. આચ્છાદન પવનની ગતિ ઘટાડે છે જેથી જમીનમાં ભેજ જળવાઈ રહે છે, વરસાદની ગતિની અસર પણ ઘટાડે છે જેથી જમીન પર ખાડા પડતા નથી. આમ, અનેકવિધ ફાયદાઓ ધરાવતા આચ્છાદન અને તેને લગતી માહિતી રાજયપાલ આચાર્ય દેવવ્રતજી દ્વારા લખવામાં આવેલા પુસ્તક 'પ્રાકૃતિક કૃષિ'માં આપવામાં આવી છે.

આચ્છાદન મલ્ચિંગ ત્રણ પ્રકારના હોય છે. ૧. મૃદાચ્છાદન (માટીનું મલ્ચિંગ) ૨. કાષ્ટાચ્છાદન (વનસ્પતિનાં અવશેષોનું મલ્ચિંગ) ૩. સજીવાચ્છાદાન (આંતરપાક અથવા મિશ્રપાકોનું મલ્ચિંગ). જમીનની ખેડ બળદ સંચાલિત હળ અથવા ઓછા વજનવાળા ટ્રેકટર સંચાલિત રોટાવેટરથી કરવામાં આવે છે કારણ કે, હલકા સાધન વડે ખેડ કરવાથી જીવાણુઓને નુકસાન થતું નથી. માટીમાંથી ૩૬ ડીગ્રી ઉચ્ચ તાપમાને કાર્બન ઉડવાની શરૂઆત થાય છે ઉપરાંત ભેજ પણ હવામાં ઉડવાનું શઢ કરી દે છે. એકદમ ગરમી અથવા ખૂબ ઠંડીને કારણે જમીન ફુલે અથવા સંકોચાય છે જેનાથી જમીનમાં તિરાડો પડે છે. આ તિરાડોમાંથી ભેજ બાષ્પીભવન દ્વારા હવામાં જતો રહે છે. તેનાથી જમીનમાં ભેજ ઓછો થાય છે અને જમીનમાં જીવાણું તથા છોડનાં મૂળ ને ભારે નુકશાન થાય છે. આ નુકશાન ઘટાડવા માટે જમીનમાં હળવું ખેડાણ કરવામાં આવે છે અને ભેજને સુરક્ષિત રાખવા માટે જમીનની સપાટી પર વનસ્પિતિનાં અવશેષોનું આવરણ (મલ્ચિંગ) કરવામાં આવે છે.

વનસ્પતિનાં અવશેષોનું આચ્છાદન (મલ્ચિંગ)એ શ્રેષ્ઠ નિંદામણ નાશક પદ્ધતિ છે. નીંદણનાં બીજને અંકુરિત થવા માટે સુર્યપ્રકાશ જરૂરી છે, પરંતુ જમીન પર વનસ્પતિનાં એવશેષોનું આવરણ કરવાથી સૂર્યપ્રકાશ મળતો નથી જેને લીધે નીંદામણનાં અંકુરિત થઈ શકતા નથી. આ રીતે નીંદણનું નિયંત્રણ કરી શકાય છે.

આચ્છાદનથી ભેજના કણો પણ ઉડતા નથી અને જમીનમાં ભેજ પણ જળવાઈ રહે છે જેના કારણે જમીન જીવંત બને છે.આચ્છાદન પવનની ગતિને ઘટાડે છે આમ જમીનમાં ભેજ વધુ જળવાઈ રહે છે. આચ્છાદન વરસાદની ગતિને ઘટાડે છે જેથી જમીન પર ખાડા પડતા નથી અને ભેજ વહી જતો અટકે છે.

વધારે ગરમીમાં ભેજને જાળવી રાખવા માટે આચ્છાદન ખૂબ જ મહત્વનું કામ આપે છે. ખૂબ જ ગરમીના લીધે ભેજ કાર્બન ડાયોકસાઈડ બનીને હવામાં ઉડી જાય છે. જેના કારણે સરેરાશ તાપમાનમાં વધારો થઈ શકે છે. આ પુસ્તકમાં જણાવ્યા મુજબ જો કોઈ વર્ષમાં દુષ્કાળ આવે તો પણ આચ્છાદન હવામાંથી ભેજ લઈને છોડને સુરક્ષિત રાખે છે. જયારે એકદળ અથવા દ્વિદળ પાકના અવશેષોનું જમીનની સપાટી પર આચ્છાદન (મલ્ચિંગ) કરવામાં તો જમીનમાં જીવ દ્રવ્યનું પ્રમાણ જળવાઈ રહે છે. જીવ દ્રવ્યની હાજરીથી જમીન ફળદ્રુપ બને છે.

૧ લીટર જીવ દ્રવ્ય હવામાંથી ૬ લીટર પાણી શોષે છે. આ કારણે કુદરતી દુષ્કાળના સમયમાં પણ પ્રાકૃતિક કૃષિ ખીલે છે. એટલે કે સાઢું ઉત્પાદન આપે છે કારણ કે જીવ દ્રવ્ય મૂળનો ખાદ્ય ભંડાર હોય છે. મૂળ જીવદ્રવ્યમાંથી પોષકતત્વો લે છે અને પાકના શરીરમાં સંગ્રહિત કરે છે. જયારે જમીન પર સજીવ આચ્છાદન કરવામાં આવે એટલે કે મિશ્ર પાક અથવા આંતરપાક લીધા પછી પાકના અવશેષોને જમીનમાં ભેળવી દેવામાં આવે તો તેમાં રહેલા પોષક તત્વો જમીનમાં ઉમેરાય છે.જે પાક લઈ શકે છે. પ્રાકૃતિક કૃષિ જમીનમાં બેકટેરીયાના અવશેષો (શરીર) જમીનમાં ભળી પાકને તેમા રહેલા તમામ પ્રકારના પોષકતવો આપે છે અને પાક સારૂ ઉત્પાદન આપે છે.

એવી જ રીતે જમીનમાં ઉગતા નીંદણને પણ પણ જો જમીનમાં ભેળવી દેવામાં આવે તો તેમાં રહેલા પોષકતત્વો પાકને મળે છે. નીંદણના પાંદડા પર રહેલા કિટકો નુકશાન પહોંચાડનારા કિટકોનો નાશ કરે દે છે.

આમ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિમાં આચ્છાદન (મલ્ચિંગ)ના ઘણા લાભ છે જે ખેડૂતોને લાંબા ગાળે ઉત્પાદન વધારવામાં અને જમીનને ફળદ્રુપ બનાવવા માટે ઉપયોગી છે.

### પાડરશીંગા ગામની જમીનના મામલો

## લાઠી : સિવિલ કોર્ટે તાલુકાની જમીનનાં પ્લોટમાં આંક–૦૫ ની અરજ પ્રતિવાદી તરફે હુકમ કર્યો

**પ્રતિવાદી તરફી એડવોકેટ જે.આર. વાળાની દલીલો ગ્રાહ્ય રહી**



અમરેલી, તા.૨

લાઠી તાલુકાનાં પાંડરશીંગા ગામની જમીનનાં પ્લોટો બાબતનાં પ્રશ્નમાં નનુભાઈ રામજીભાઈ પોલરા વિ–૦૫ એ લાઠી કોર્ટમાં દાવો દાખલ કરેલ અને વચગાળાનો આંક – ૦૫ નો મનાઈ હુકમ માંગેલ જેમાં સામાવાળા (પ્રતિવાદી) તરીકે રમેશભાઈ જીવરાજભાઈ શેખડા તથા લખુભાઈ બચુભાઈ ખુમાણને જોડેલ તથા બીજો દાવો હરીભાઈ હીંમતભાઈ શેખડા દ્વારા કરેલ જેમાં પ્રતિવાદી તરીકે રમેશભાઈ જીવરાજભાઈ શેખડા તથા લખુભાઈ બચુભાઈ ખુમાણને જોડેલ આ બંન્ને દાવામાં લાઠી કોર્ટએ વચગાળાનો મનાઈ હુકમ પ્રતિવાદી તરફે કરેલ જેમાં વિદ્વાન ધારાશાસ્ત્રી જયદિપસિંહ આર. વાળાની દલીલો ગ્રાહય રહેલ.

## અમરેલીનાં બ્રહ્મસમાજનાં અગ્રણી કનુભાઈ જોષીનો આજે જન્મ દિવસ



અમરેલી, તા. ૨

અમરેલી સિનિયર સોસાયટીના મહામંત્રી તેમજ ઔદીચ્ય બ્રમસમજના આગેવાન કનુભાઈ જોષીનો આજે ૮૩માં વર્ષમાં પ્રવેશ કરતા મિત્રો, સિનિયર સિટિઝન મંડળ ના સભ્યો, સગા સ્નેહીઓ, કુટુંબી જનો તરફથી ૯૪૨૮૭૯૫૨૭૪ ઉપર શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

### જિલ્લાની જનતાની માઠી દશા હોય તેવો માહોલ

## વડિયામાં હડકાયા બનેલ શ્વાસનનો આતંક : ૧૫ વ્યકિતઓને શિકાર બનાવ્યા

**તમામ ઈજાગ્રસ્તોને ઈન્જેકશન માટે અમરેલી અને જેતપુર જવુ પડયુ**

વડિયા, તા. ૨

વડિયામાં રખડતુ કુતરુ હડકાયુ થતા સમગ્ર ગામમાં ભયનો મહોલ છવાયો હતો. બપોરથી કુતરાએ પંદરથી વધુ લોકોને પોતાના શિકાર બનાવ્યા હતા.જેમાં વિદ્યાર્થીઓ, મહિલો વૃધ્ધો વેપારીઓ સ્થાનિક લોકો અને પોલીસ કર્મચારી પણ હડકાયા કુતરાના શિકારનો ભોંગ બન્યા હતા. આ ભોગ બનનાર લોકો હડકવાની રસીના ઈન્જેકશન લેવા માટે વડિયા સીવીલ હોસ્પિટલમાં જતા અહી આ પ્રકારની રસીના ઈન્જેકશન ઉપલબ્ધના હોવાથી ભોગ બનેલા લોકો અમરેલી સિવિલ હોસ્પિટલમાં અને જેતપુર ખાનગી હોસ્પિટલોમાં નાણાખર્ચ કરીને ઈન્જેકશન લેવા મજબુર બન્યા હતા. આ હડકાયા કુતરાના આતંકના સમાચાર સમગ્ર ગામમાં ફેલાતા સમગ્ર ગામમાં ભયનો માહોલ સર્જાતો જોવા મળ્યો હતો.

### પૂર્વ ઉપસરપંચે ધારાસભ્યને પત્ર પાઠવ્યો

## ધારીનાં નવા ચરખાથી સાવરકુંડલાનાં સીમરણ વચ્ચેનો માર્ગ પૂર્ણ કરો

**૧.૮ કિ.મી.નો માર્ગ ઝડપથી બનાવો**

ધારી,તા. ૨

ધારી તાલુકાના નવા ચરખાથી સાવરકુંડલા તાલુકાના સીમરણ સુધી નોન પ્લાન રસ્તો મંજુર થયો છે. અને આ રસ્તાપર સીમરણ ગામની જુની શેલ નદી સુધી ડામર કામ પણ પૂર્ણ થઈ ગયેલ છે. પરંતુ જુની શેલ નદીથી સીમરણ, સાવરકુંડલા અમરેલી નેશનલ રોડ સુધીનું ૧.૮ કી.મી.નું ડામર કામ અધુરૂ બાકી રહી ગયેલ છે, આ નોન પ્લોન રોડની ઘટતી લંબાઈ પૂર્ણ કરવી ખૂબ જ જરૂરી છે. આ રોડ ધારી અને સાવરકુંડલા એમ બે તાલુકાને જોડતો હોય તો તાત્કાલિક જે ૧.૮ કી.મી લંબાઈ ઘટે છે. અધુરી છે તે મંજૂર કરાવવા પૂર્વ ઉપસરપંચ ભરત ચોડવડીયાએ ધારાસભ્યને પત્ર પાઠવેલ છે.

## વાંડલિયાની જ્ઞાન જયોત શાળાની વિદ્યાર્થીનીઓએ સૌનિકોને રાખડી મોકલી



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨

બાબરા શ્રીમતી ડી.વી.પી. જ્ઞાન જયોત હાઈસ્કુલ–વાંડલિયાનાં વિદ્યાર્થીનીઓ દ્વારા રક્ષા સૂત્ર બનાવી અક્ષત અને કંકુ સાથે આ રક્ષાસુત્ર બોર્ડર પર તૈનાત આપણા દેશના બહાદુર જવાનોને મોકલવામાં આવશે. સાથે દરેક વિદ્યાર્થીનીઓએ પત્ર દ્વારા દેશના રક્ષણ અને અભૂતપૂર્વ શૌર્ય અને બલિદાન માટે પ્રત્યેક જવાન પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરી છે.

### છુટાછેડા બાબતે બઘડાટી બોલી

## અમરેલીમાં આવેલ હેવન પાનનાં ગલ્લા પાસે ૨ પક્ષો વચ્ચે મારામારી

**સિટી પોલીસે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી**

અમરેલી, તા. ૨

અમરેલી ચાંદની ચોક લુહાર જ્ઞાતિની વાડીની બાજુમાં રહેતા અલ્તાફભાઈ રજાકભાઈ મેતર નામનાં વેપારીના દિકરાના લગ્ન અમરેલીમાં રહેતા ઈમરાનભાઈ ગફારભાઈ મેતરની ભાણકી અક્ષાબેન સાથે થયેલ હતા અને દસેક મહિનાથી તેઓના છુટાછેડા થયેલ હોય. જે બાબતનું આરોપી ઈમરાનભાઈ ગફારભાઈ મેતરે મનદુઃખ રાખી તા. ૧ ના સાંજે ૭:૪૫ વાગ્યે ટાવર પાસે હેવન પાનના ગલ્લા સામે રોડ ઉપર વેપારીને તથા સાદભાઈને ગાળો આપી, લાકડાના ધોકા વડે બન્નેને માર મારી, વેપારીને ડાબા પગે ઘુટી પાસે ફેકચર કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે.

આ જ બનાવમાં અમરેલીમાં આવેલ મીર સાહેબની ગલી ટાવર રોડ ઉપર રહેતા ઈમરાનભાઈ ગફારભાઈ મેતર વેપારી પણ આરોપી અલતાફભાઈ રજાકભાઈ મેતર, સાદ તથા ઝરીર મેતર સામે લાકડી વડે પગમાં તથા શરીરે મુંઢ ઈજા કરી તથા નેફામાંથી છરી કાઢી છરીનો ઘા કરવા જતાં આરોપીનો હાથ પકડી રાખેલ જેથી આરોપીઓએ જાનથી મારી નાખીશું તેવી ધમકી આપી શરીરે મુંઢ ઈજા કર્યાની સામી ફરિયાદ નોંધાવી છે.

### નાયબ દંડક કૌશિક વેકરીયાનાં અધ્યક્ષ સ્થાને

## અમરેલી ખાતે મહિલાઓ માટે સ્વરોજગાર મેળો, સાહસિક મહિલાઓને સન્માનિત કરાશે

**આજે ખેડાવાળ બ્રાહ્મણ વાડીમાં યોજાશે કાર્યક્રમ**

અમરેલી, તા. ૨

ગુજરાત રાજય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજીત નારી વંદન ઉત્સવ નિમિતે તા.૩ ઓગસ્ટ,૨૦૨૪ને શનિવારના રોજ સવારે ૯ વાગ્યે અમરેલી સ્થિત ટી.પી.ગાંધી સ્કુલની સામે આવેલી શ્રી ખેડવાળ બ્રાહ્મણ સમાજની વાડી ખાતે મહિલા સ્વાવલંબન દિવસની ઉજવણી કરવામાં આવશે. વિભાનસભા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાના અધ્યક્ષ સ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં મહિલાઓ માટે સ્વરોજગાર મેળો, સાહસિક મહિલાઓને સન્માનિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ઓગસ્ટ માસમાં પ્રથમ અઠવાડિયામાં નારી વંદન ઉત્સવ અંતર્ગત વિવિધ મહિલા કેન્દ્રિત દિવસની ઉજવણીના ભાગરૂપે તાલુકા–જિલ્લાકક્ષાએ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવે છે.મહિલાઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ વિષયક વિગતો અને માર્ગદર્શન આપવામાં આવે છે.

કાર્યક્રમમાં સાંસદ ભરતભાઈ સુતરીયા, ધારાસભ્યો, અમરેલી તાલુકા પંચાયત પ્રમુખ કિશોરભાઈ કાનપરિયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, જિલ્લા પંચાયત મહિલા અને બાળ વિકાસ સમિતિ અધ્યક્ષ ગીતાબેન ચાવડા સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

### આગામી ૮ ડીસેમ્બરનાં રોજ

## અમરેલી ખાતે કોળી સમાજ દ્વારા સમુહ લગ્નોત્સવનું આયોજન

**અનાથ દિકરીઓ માટે નિઃશુલ્ક સેવા**

અમરેલી,તા.૨

અમરેલી ખાતે મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા બહેરા–મુંગા, દિવ્યાંગ અને માતા–પિતાની છત્રછાયા ગુમાવેલ દિકરીઓને વિનામૂલ્યે લગ્ન સમારંભ તા. ૮–૧૨–૨૦૨૪ના રોજ સમુહ લગ્નનું આયોજન કરવામાં આવેલ છે.

આ સમુહ લગ્ન સમારંભમાં સરકારી યોજના સમુહ લગ્ન સમારંભમાં સરકારી યોજના સમુહ લગ્ન સાત ફેરા રૂપિયા ૧૨૦૦૦/– તથા લગ્ન રજીસ્ટ્રેશન કરાવી આપવામાં આવશે કન્યા કરીયાવર નેવું વસ્તુઓ કરીયાવરમાં આપવામાં આવશે વહેલા તે પહેલા નીચે સરનામે નોંધણી ચાલુ છે પ્રમુખ આરતીબેન આર.ગોહિલ શ્રી રામ એસ્ટેટ, જુના માર્કેટયાર્ડ ફુડ માર્કેટ, દુકાન નં.બી./એફ. ૧૩ પહેલો માળ મો. ૯૪૦૯૩ ૧૩૬૪૪, પરશોતમભાઈ એન. મકવાણા ૯૪૨૮૭ ૯૮૬૪૭, રમેશભાઈ આર. મકવાણા, ડાભી ચિતલ મો. ૯૧૦૪૪ ૧૯૬૪૧નો સંપર્ક કરવા પાઠવાયું છે.

### બિનઅધિકૃત રીતે પશુઓની કતલ થતી હોવાની ચર્ચા

## અમરેલીનાં બહારપરા વિસ્તારમાં પશુઓનું લોહી જાહેરમાં પ્રસરતા રોષ

**સ્થાનિકોમાં નારાજગીનો માહોલ ઉભો થયો**

અમરેલી, તા. ૨

અમરેલી શહેરના બહારપરા વિસ્તારમાં આવેલ સામુદ્રી માતાજી મંદિર પાસે ખોડિયાર મંદિર વાળી શેરીમાં શહેરના કૂખ્યાત ખાડકીવાડમાં બિન અધિકૃત કરવામાં આવતા પશુની કતલનું લોહી કોળીવાસમાં સરાજાહેર પ્રસરતા સ્થાનિક રહીશોને રહેવું મુશ્કેલ બનેલ છે. વારંવાર બનતી ઘટનાથી લોકોની હાલત દયનિય બનેલ છે.



# લીલીયા મોટા : કન્યાશાળાની વિદ્યાર્થીઓની સ્થાનિક પોલીસ સ્ટેશનની મુલાકાત કરાવાઈ



લીલીયા કન્યા શાળાની ધોરણ ૬ થી ૮ ની કુલ ૧૪૬ વિદ્યાર્થીનીઓ દ્વારા પોલીસ સ્ટેશનની મુલાકાત લેવામાં આવેલ હતી. સહઅભ્યાસિક પ્રવૃત્તિના ભાગરૂપે સામાજિક વિજ્ઞાનના શિક્ષક દ્વારા પોલીસ સ્ટેશનની મુલાકાતનું આયોજન કરવામાં આવેલ. મુલાકાત દરમિયાન પી. એસ. આઈ. એસ.આર. ગોહિલ દ્વારા ટ્રાફિક તથા સાઈબર ક્રાઈમ વિશે વિદ્યાર્થીનીઓને મહિતગાર કરાયેલ તેમજ પોલીસ સ્ટેશનના માળખા અને ચાલતી પ્રક્રિયાથી વિદ્યાર્થીનો માહિતગાર કરવામાં આવેલ. આ ઉપરાંત પી.એસ.ઓ. એલ.એન.શ્રીમાળી દ્વારા વિદ્યાર્થીનીઓને એફ.આઈ.આર , જામીન પ્રક્રિયા, ચાર્જશીટ વગેરે પ્રક્રિયાનું માર્ગદર્શન આપેલ. પો.કો.દીપકભાઈ દ્વારા ઈન્સાસ રાઈફલ ,કાબાઈન, ગેસ ગન વગેરે હથિયારો વિશે સમજ આપવામાં આવી હતી. અસ્મિતાબેન ચુડાસમાં દ્વારા સુરક્ષાસેતુ અંતર્ગત ચાલતા એસ.પી.સી. પ્રોજેક્ટ ની માહિતી આપવા માં આવેલ. આ મુલાકાત દરમિયાન વિદ્યાર્થીનીઓ માટે નાસ્તા નું સુંદર આયોજન પણ પી.એસ.આઈ. ના માર્ગદર્શન તળે પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા કરવામાં આવેલ. તમામ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર આ મુલાકાતમાં ભાગ લીધેલ તેમ ઈમરાનપઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

### સલડીનાં ધારાબેન પટેલ દ્વારા

## લીલીયા પો.સ્ટેમાં નોંધાયેલ મોબાઈલ ચોરીનાં ગુન્હામાં ૨ આરોપીની અટકાયત

### બંને આરોપી વિરૂધ્ધ કાર્યવાહી શરૂ



અમરેલી, તા. ૨

ગઈ તા. ૨૫/૭/૨૪ના રોજ ધારાબેન રાહુલભાઈ પટેલ રહે. સલડી તા. લીલીયા મોટાનો એપલ કંપનીનો IPHONE 13 PRO મોબાઈલ કિ.રૂ ૫૦,૦૦૦/- નો કોઈ અજાણ્યો ચોર ઈસમ ચોરી કરી કરી લઈ ગયેલ હોય જે અંગે ધારાબેન દ્વારા ઈ-એફ.આઈ.આર કરાવેલ હોય જે અંગે લીલીયા પોલીસ સ્ટેશનમાં ગુન્હો રજી કરવામાં આવેલ.

જે અન્વયે લીલીયા પોલીસ સ્ટેશનના પો.સબ.ઈન્સ. એસ.આર ગોહિલની રાહબરી હેઠળ ઉપકરોત ગુન્હાની તપાસ હાથ ધરવામાં આવેલ અને લીલીયા પો.સ્ટે. વિસ્તાર પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન બે શકમંદ ઈસમોને ટેકનીકલ અને હ્યુમન સોર્સના આધારે ચોરીમાં ગયેલ એપલ કંપનીનો IPHONE 13 PRO મોબાઈલ ફોન સાથે પકડી પાડી સદર ઈસમો વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

**પકડાયેલ આરોપી :** (૧) ચેતનભાઈ ઉર્ફે મુંબઈ પ્રકાશભાઈ રાઠોડ અને આશીષભાઈ ઉર્ફે નાનો રાજેશભાઈ થળેસા (ઉ.વ.૨૦) રહે. અમરેલીની અટકાયત કરવામાં આવેલ છે.

## બગસરામાં પાલિકા દ્વારા રોગચાળાના લીધે ડીડીટીનો છંટકાવ



તસ્વીર : સમીર વિરાણી-બગસરા

બગસરા, તા. ૨

બગસરામાં નગરપાલિકા દ્વારા રોગ ચાળાના લીધે ડીડીટી છંટકારો કરાયો હતો. બજારમાં સફાઈ કર્મચારીઓ દ્વારા ભીખુભાઈ સોલંકી તથા સફાઈ કર્મચારીઓએ ડીડીટીનો છંટકારો કર્યો હતો જે તસવીર જનરે પડે છે.

### શહેરીજનોને મુંઝવતાં વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરવા અધિકારીઓને તાકીદ કરી

## રાજુલા શહેરમાં ફેલાયેલ ગંદકી સહિતની સમસ્યાઓનું નિરાકરણ કરવા માટે ધારાસભ્યએ બેઠક બોલાવી

### ધારેશ્વર ડેમથી શહેર સુધી ૨૫ કરોડના ખર્ચે પાણીની પાઈપ લાઈન લાગશે



અમરેલી, તા. ૨

રાજુલા શહેરમાં ગંદકી પાણી તેમજ સ્ટ્રીટ લાઈટ અને રસ્તાઓ બાબતે ઊઠેલી ફરિયાદના અનુસંધાને આજરોજ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ચીફ ઓફિસર તેમજ અધિકારીઓ અને ગામના વેપારીઓને સાથે રાખી કાર્યાલય ઉપર તમામને મીટીંગ કરી અને આકરી ઝાટકણી કાઢી હતી.

જાણવા મળતી વિગત મુજબ રાજુલા શહેરમાં આજે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી દ્વારા અધિકારીઓને બોલાવી અને નગરપાલિકાના પડતર પ્રશ્ન બાબતે ચર્ચા કરવામાં આવી હતી જેમાં રાજુલા માં ૩૫ કરોડના વિકાસ કામોને મંજૂરી આપવામાં આવી છે અને આગામી થોડાક જ દિવસોમાં તમામ કામ શરૂ કરી દેવામાં આવશે.

જેમાં રાજુલા શહેરમાં નવા શૌચાલય સુકા ભીના કચરા માટે પ્રોસેસિંગ પ્લાન્ટ તેમજ રાજુલા શહેરની સુરક્ષા માટે ૧૮ સીસીટીવી કેમેરાની કામગીરી મંજૂર થઈ ગઈ છે જે શરૂ કરવામાં આવશે અને રાજુલા નગરપાલિકામાં આવક જાતિના દાખલા તેમજ અન્ય કોઈ પ્રમાણપત્ર મેળવવા માટે તકલીફ ન પડે તે માટે શહેર મધ્યમાં સિવિક સેન્ટર જન સેવા કેન્દ્ર આધુનિક બનાવવામાં આવશે તેને પણ મંજૂરી આપવામાં આવી હતી આ દાખલાઓ નીકળશે અને નલ સે જલ યોજના અંતર્ગત રાજુલા ધારેશ્વર ડેમથી રાજુલા સુધી નવો સંપ બનશે અને ૨૫ કરોડના ખર્ચે નવી પાઈપલાઈન નાખવામાં આવશે જેથી પાણીનો પ્રશ્નહલથઈ શકે અને ઢોલિયાધાર વિસ્તારમાં રોડ તેમજ બાયપાસ વિસ્તારમાં લાઈટો અને બાંકડાઓ ધારાસભ્ય દ્વારા નાખવામાં આવશે તો આ તમામ કામોને નગરપાલિકા દ્વારા મંજૂરી આપવામાં બાકી રહેલા કામો વહેલી તકે પૂર્ણ કરવા માટે ધારાસભ્ય અધિકારીઓને કડક શબ્દોમાં સૂચનાઓ આપી હતી.

આ તકે ચીફ ઓફિસર બોરડ માર્કેટિંગ યાર્ડના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ રવુભાઈ ખુમાણ ચેમ્બર ઓફ કોમર્સના બંને પ્રમુખો મનીષભાઈ વાળા ગૌરાંગભાઈ મહેતા બકુલભાઈ વોરા જયંતિ દાદા જાની મહેન્દ્રભાઈ ધાખડા ભરતભાઈ જાની અરજણભાઈ વાઘ હિતેશભાઈ આદરોજા વિપુલભાઈ લહેરી તાલુકા પંચાયતના પ્રમુખ પ્રતિનિધી ધિરજલાલ પુરોહિત, પ્રભાતભાઈ જોશી, અજયભાઈ ગોહિલ સહિતના રાજુલા શહેરના વેપારીઓ અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### શહેર કોંગ્રેસ પ્રમુખે ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

## અમરેલીમાં આવેલ તમામ શિવાલયો અને દેવસ્થાનોમાં સફાઈ કાર્ય કરવા માંગ ઉભી થઈ

### શિવાલયો આસપાસ દવા છંટકાવ પણ કરવો જરૂરી

અમરેલી, તા. ૨

આગામી તા. ૫/૮/૨૦૨૪ ને સોમવારથી પવિત્ર શ્રાવણ માસનો શુભારંભ થઈ રહયો છે. ત્યારે અમરેલી શહેરના ૧ થી ૧૧ વોર્ડ વિસ્તારમાં આવેલા શિવાલયો, દેવસ્થાનો, મંદિરો તેમજ પ્રાગણમાં પવિત્ર શ્રાવણ માસ દરમ્યાન સાફ, સફાઈ, ગંદકી, મચ્છર, જીવજંતુ, ડ્રેનેજની લાઈનો, ગટરો ઉભરાવા પ્રશ્ને તકેદારી રાખવા માટે નગર પાલિકા આરોગ્ય વિભાગ ધ્વારા ડીડીટીનો છંટકાવ, ડ્રેનેજ લાઈનો કિલયરન્સ, તમામ મેઈનહોલની સફાઈ, મેલેથીયોનનો છંટકાવ કરાવવા તેમજ મંદિર પરીસર જે સ્થળોએ પાણી ભરાતુ હોય અથવા ગારો કિચડ થતા હોય ત્યાં મોરમ નાખવાની કામગીરી કરાવવા અને મચ્છર, જીવજંતુઓની ફરિયાદ હોય ત્યાં મેલેથીયોનનો છંટકાવ અને ફોગીંગ કરાવવા સહિતના પગલાં ભરવા અને અને હાલ તાજેતરમાં ઉદ્ભવેલ ચાંદીપુરા વાયરસે ગુજરાતમાં હાહાકાર મચાવ્યો છે તે પરિસ્થિતિમાં તકેદારી સહિતના પગલાંઓ લેવડાવવા અને દૈનિક કામગીરી કરવા ગંભીરતાપૂર્વક અમરેલી નગરપાલિકા તંત્ર તાત્કાલીક અસરથી તમામ સંલગ્ન પેટા વિભાગને કાર્યની સોંપણી કરી આ સાફ સફાઈ સાથે સ્વચ્છતા રાખવા અંગે નું દૈનિક કાર્ય કરવામાં આવે તેવી માંગ શહેર કોંગ્રેસ પ્રમુખ સંદિપ પંડયાએ ચીફ ઓફિસરને પત્ર પાઠવીને કરી છે.


શ્રાવણ માસ નિમિત્તે...
ફરાળી વાનગીઓનો રસથાળ
ટોપરાપાક શીંગપાક માવાના પેંડા
દર સોમવારે ગરમાગરમ ફરાળી પેટીસ મળશે
ફરાળી ચેવડો
બટેટા વેફર્સ કેળા વેફર્સ દુધીનો હલવો
હાજરમાં મળશે
શિવ
નારાયણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.
મો. ૯૪૨૬૪ ૪૮૨૯૨ । મો. ૯૭૭૯૧ ૭૯૭૫૫

પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(3) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦














# દીકરીની ગઈ કાલ અને આજ

## પગદંડી/લેખન



**– શ્રી રવજીભાઈ ( કાચા સાહેબ )**

એક શાળામાં ઉત્સવામાં જવાનું થયેલુ, સુંદર આયોજન હતુ. સમય, પ્રસંગને અનુરૂપ બાળકો પોતાનું (કદાચ શિક્ષકે તૈયાર કરાવેલ) વકતવ્ય આપતા હતા. એમાં એક દીકરીએ વકતવ્ય આપ્યુ એ ખૂબ સુંદર હતુ. ગમ્યુ. વાગળતો રહ્યો. એ દીકરીની વાત આજ તમારી સાથે વહેંચવી છે. જોકે આવા વકતવ્યો, ભાષણો ચવાઈ ગયેલા લાગશે. પણ દીકરીએ જે પોતાની અદામા, છટાથી વકતવ્ય આપ્યુ એને વધાવવુ છે.

આજ દીકરી કયા પહોંચી છે ! પોતાનુ કૌશલ્ય દેખાડી માતા–પિતા, શાળા, ગામ, રાજયને છેલ્લે દેશનેં ગૌરવ અપાવનાર મનુ ભાષ્કરે પેરિસ ઓલમ્પિકમાં ભારતી સૌપ્રથમ ખેલાડી છે. જેણે બે બ્રોન્જ મેડલ જીતનાર નારી–દીકરી પ્રથમ ભારતીય છે. તો આ છે દીકરીની આજ હવે શાળાની દીકરીનું વકતવ્ય વાંચીએ... પ્રથમ જોઈએ દીકરીની ગઈ કાલ.

દીકરીએ એવો તે શો ગુનો કર્યો હતો કે તેના જન્મતાથી સાથે દરેકનું નાકનું ટેરવુ ચડી જવુ ગળામાં ડૂમો ભરઈ ન હો. ડાયણ તરત ઠોઢી થઈ બોલતી ''લ્યો, માંડવો આવ્યો. સાભનો ભારો આપ્યો.'' ને ઘરનાં પુરુષો તો ઠીક પણ સાસુના વાકબાખો છૂટતો, '' વાલાભુઈએ દીકરી નમી. અભાગવતી આંઈ શું એના બાપનું દાટયુ હતુ તે લેવા આવી? દુભારજા જેને ગાળ પળા ન કહી શકાય એવી ગાળોનો વરસાદ વરસતો. તે છેક તેના મૃત્યુ સુધી ત્યારે દરેક દિકરી , વહુને ઓશિયાળા થઈ જીવવુ પડતુ. દીકરી સાપનો ભારો તો સ્ત્રી, પત્ની પગની જૂતી એનો કોઈ અવાજ નહિ, એની કોઈ માનમર્યાદા નહિ. જીંદગી આખી દબાઈને જ રહેવાનું. સાસુથી ઉપરવટ કે આગળ થઈ શકાતુ નહિ ને ભૂલેચૂકે ય અજાણ્યા એવુ થઈ જાય તો દીકરીનું કે વહુનું આવી બનતુ. દીકરીનો બાપ કે વહુનો પતિ મુંગામંતર.

આવી દશા અને દીશા દીકરીની હતી. જોકે એ એવો કપરો સમય હતો કે દીકરી અળખાબળી સાબીત થતી. વિધર્મીઓનો ત્રાસ, આપણા રીતરિવાજ, કુરુઢિઓ, વડીલોનો ને પુરુષ પ્રધાન સમાજનો પ્રભાવ આ બધા કારણો હતા.

દીકરી આજ : જોકે દીકરીને એ ગર્તામાંથી, ઉંડા કૂવામાંથી બહાર કાઢવાનું કામ સુધાર આવતા ગયા. વિશેષ સુધાર તો ભવાતરે કર્યો છે. પહેલા તો દીકરીને ભણાવવી એટલે નેવાનાં પાણી મોભે ચડાવવા જેવુ હતુ. પણ આજે ભણતર પહેલા દીકરી લગ્ન પણ કરતી નથી. પહેલા દીકરી ઉંબરાની કે ડેલીની બહાર પગ મૂકી શકતી નહોતી. આજે સ્પેસ શટલમાં અવકાશમાં ઉડવા લાગી છે. વિશ્વકક્ષાની રમતોમાં દીકરીઓ દેશને ગોલ્ડ મેડલો અપાવી ગૌરવ અપાવે છે.

આજ માનવી સ્વીકારતો થયો છે કે:

(૧) આંગણે તુલસી અને પેટ દીકરી એ ગૃહસ્થજીવનનુ સૌભાગ્ય છે.

(૨) દીકરી પ્રતિષ્ઠાની જનક છે. કારણ કે માવતરે દીકરા કરતા દીકરી વધુ પ્રતિષ્ઠા અપાવે છે.

(૩) દીકરાનો લાભ મા–બાપ પુરતો હોય છે. જયારે દીકરી બે પરિવારને કુળને સાચવી ઉજળે છે. છતા દીકરી તેની સફળતાનો યશ માવતરને આપે છે. સાસરિયા કહેશે. સારા માવતરની દીકરી છે.

(૪) દીકરો ભણીગણીને પરદેશ ચાલ્યો જશે. માબાપની સંભાળ પણ નહિ લે. જયારે દીકરી સાસરે હોવા છતા માવતરની કાળજી લેશે.

(૫) ડાહી દીકરી ઉંમરલાયક બાપનો વિસામો છે.

(૬) યોગીઓ, મુનીઓ ત્યાગ અને વૈરાગ્યના પાઠ દીકરી પાસેથી શીખે છે.

(૭) સાસરે જતી દીકરી બાપને કહેશે. ''બાપુ ! આજથી આ બધુ ભાઈનુ ! મારુ કોઈ નહિ.

(૮) બાપના હૃદયને દીકરીથી વધારે કોણ જાણી શકયુ છે?

(૯) સાસરવાસી દીકરી મુંજાયેલ માનું પિયર છે. દીકરા પીડા, દુઃખ સખી ખસી જશે ત્યારે દીકરી ઘા પર મલમપટી કરશે.

(૧૦) આજના સમયમાં માવતર દુઃખ વેઠીને સમજતો થયો છે. દીકરી કે દીકરો એક સમાન છે. દીકરાનું મહત્વ વધ્યુ છે.

(૧૧) માવતરને મન દીકરી કાળ જાનો કટકો છે. દીકરીના સુખચેન માટે માતાપિતા બધુ જ કરી છુટે છે.

(૧૨) દુઃખને, પીડાને હૃદયમાં સમાવી પારરકા દુઃખે દુઃખી રહે એનુ નામ દીકરી.

(૧૩) માવતરની લાગણીની કાળજી લેનારી કરુણાની સાક્ષાત મૂર્તિ એટલે દીકરી.

(૧૪) પોતાનું દુઃખ માવતરને દજાડે નહિ એટલે પોતાના દુઃખ દેહમાં જ, હૃદયમાં જ સમાવી રાખે. દાબી રાખે એનુ નામ દીકરી.

(૧૫) પારકાને પોતાના કરી જાણે, પારકા ઘરને પોતાનુ બનાવી શકનાર એક ડાહીને સંસ્કારી દીકરી જ કહી શકે.

(૧૬) નિર્મળ પ્રેમનું ખળખળ વહેતુ ઝરણુ એટલે દીકરી.

(૧૭) દીકરાની લગ્ન થતા તે પારકો બની જતો હોય છે. જયારે દીકરી સાસરે હોવા છતા મા બાપ સાજે સબંધ અતૂટ રહે છે.

મેં શરૂઆતમાં કહ્યુ તેમ વિદેશ શાસકોની બ્રૂર નજરથી બચવા અને ખાનદાનીની જાળવણી માટે વ્યવહાર કુશળ પૂર્વજોએ દીકીર પર નિયંત્રણો મૂકવા પડેલા. આજ દેશ આઝાદ થયો છે. દીકરા દીકરીના ભેદ ભાંગ ગયા છે. કન્યા કેળવણી, મહિલા વિકાસ કલ્યાણ યોજનાઓ હાથ ધરાઈ છે. હવે દીકરા–દીકરીમાં ભેદભાવ ભાંગી ગયા છે. પેલુ ગીત છે નેઃ રામ! ભલે ભગવાન થઈને પૂજાણા, પણ! રામ તમે સીતાને તોલે ના આવો.

અંતે એટલુ જ કહીશ કે દીકરે ઘર રૂડા જરૂર લાગતતા હશે પણ દીકરી વિના ઘેર અંધારા જ હોય છે.

મારા વડીલોને બે હાથ જોડી આ દીકરીની વિનંતી છે. ' ' આંગળે અવતરેલી દીકરીને ભરપુર પ્રેમ આપજો. પવિત્ર ગૃહસ્થ જીવનમાં અમૃત સમાન એવા નિર્મળ હૃદયમાં વહેતા પવિત્ર ઝરણાનો આસ્વા માણવા દીકરીને જાકારો કે ભૃણાહત્ય કરશો નહિ.

બધા બોલો– તુલસીનો કયારે કોલા ?– દીકરી.

ઘરની લક્ષ્મી કોલા –દીકરી.



# બાલ એકસપ્રેસ



– ઉખાણા
– બાળ વાર્તા
– જોડકણા
– બાલગીત
– જોકસ

**સંપાદક : રવજીભાઈ કાચા, અમરેલી**

## અમરેલીનો છોકરો જયારે આંતરરાષ્ટ્રીય ડાયમંડ માર્કેટમાં નામ કાઢે છે



**વીરજીભાઈ શિવદાસ પટેલ :** ઈ.૧૮૫૮માં અમરેલીમાં જન્મેલા વીરજીભાઈએ છ ધોરણ સુધી અભ્યાસકર્યો હતો.એ પછી તેઓએ વડોદરા રાજયની તલાટીની નોકરી સ્વીકારી હતી. એ વખતે તેમનો માસિક પગાર સાત રૂપિયા હતો. નોકરીમાં ગુલામી જેવુ લાગતા તેઓએ નોકરીમાંથી રાજીનામુ આપી દીધુ હતુ. એ પછી તેઓએ વકીલતાનો અભ્યાસ કરી સનદ મેળ વી વકીલાત શરૂ કરી હતી. અમરેલી મહાલ પંચાયત અને અમરેલી શહેર સુધરાઈના પ્રમુખપદે રહી તેઓએ સમાજસેવાના અનેક કામો કર્યા હતા.તેઓ વેપાર અને વકીલાતના ક્ષેત્રે જેટલા આગળપડતા હતા એટલી જ સફળતા તેમણે જાહેર જીવનના ક્ષેત્રપણ પ્રાપ્ત કરી હતી.



**મોહનલાલ વીરજીભાઈ પટેલ:** અમરેલી પાસેના ગોખરવાળા ગામે ઈ.૧૮૮૮માં જન્મેલા મોહનલાલ પટેલે મુંબઈની વિલ્સની કોલેજમાં ભણી બી.એ. અને એ પછી એલએલ બી.ની ડિગ્રી મેળવી હતી. ઈ.૧૯૧૬માં

**ભાતીગળ સૌરાષ્ટ્ર**

તેમણે મુંબઈમાં આયાત–નિકાઈનો વેપાર શરૂ કર્યોહતો. ગાંધીજીથી આકર્ષાઈ તેઓ ગાંધીરંગે રંગાયા હતા. અમરેલી પાછા ફરી તેઓએ પોતાનુ જીવન સમાજસેવાનેસમર્પિત કરી દીધુ.અમરેલી જિલ્લા લોકલ બોર્ડના તેઓ પ્રમુખ હતા. અમરેલીની કોમર્સ કોલેજની સ્થાપનામાં તેમનુ મહત્વનું પ્રદાન રહ્યુ છે. (તા.૧/૪/૧૯૭૪ના રોજ તેમનુ અવસાન થયુ ત્યારે તેઓની ઉંમર ૮૬ વર્ષ હતી.) (હરિલાલ ગોવિંદજી પારેખના અવસાન પછી મોહનલાલભાઈ અમરેલી સુધરાઈના પ્રમુખ બન્યા હતા.) વડોદરા રાજય તરફથી તેમને 'રાજરત્ન'નો ખિતાબ મળ્યો હતો.

**હરિલાલ ગોવિંદભાઈ પારેખઃ** નામાંકિત વકીલ અને લોકસેવક હરિલાલભાઈએ મહાત્મા ગાંધીજીની અમરેલીમાં પધરામણી કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.મહારાજા સયાજીરાવ ગાયકવાડ સાથે પણ તેમને સારી ઓળખાણ હતી.



ઈ.સ. ૧૯૨૪માં સરકારી હાઈસ્કૂલની ફી વધારવામાં આવી ત્યારે હરિલાલભાઈએ એક ખાનગી શાળા શરૂ કરી હતી. તેઓના પ્રયાસો થકી જ દેશી રાજયોની પરિષદ અમરેલીમાં યોજાઈ હતી. રામજીભાઈ હંસરાજ કામાણીની સહાયથી તેઓએ ઈ. ૧૯૨૧માં અમરેલીમાં ખાદીકાર્યાલય શરૂ કર્યુંહતુ. વડોદરા રાજય પ્રજામંડળ નું પ્રથમ અધિવેશન પણ તેમના પ્રયાસોને કારણે જ અમરેલીમાં યોજાયુ હતુ. અમરેલી સુધરાઈના તેઓ પ્રથમ પ્રમુખ બન્યા હતા. અમરેલીની પ્રજાના એ લોકમાન્ય સેવક હતા. નાના–મોટા કાર્યકરોનાં તેઓ રાહબર હતા. એમનુ જીવન એમણે અમરેલીને અર્પણ કર્યુ હતુ. વડોદરા રાજયે તેઓને 'રાજરત્ન' નો ખિતાબ આપ્યો હતો.

## રાત્રે મોડે સુધી એ વાંચશે કે વહેલી સવારે ?

બાળકો જયારે ઘરે હોમવર્ક કરતા હોય છે ત્યારે ઘરના વાતાવરણને એ સારી રીતે સુંઘી શકતા હોય છે. જેટલો વાતાવરણનો પ્રભાવ પડે છે.એટલો માતા–પિતા કે દાદા–દાદીનો પ્રભાવ પડતો નથી. આ વાતાવરણના અનેક ઘટક તત્વો હોય છે. બાળકો વહેલી સવારે ઉઠીને વાંચન કરે તો એની તંદુરસ્તી માટે સારુ છે. કારણ કે વહેલી સવારે સ્વાથ્થ્યવર્ધક ખુશનુમા હવામાન હોય છે. વળી, વહેલા ઉભઠયા પછી ઝડપથી સૂર્યપ્રકાશ પ્રગટ થવાનો હોય છે. તેથી વીજળીના પ્રકાશમાંઓછામાં ઓછુ વાંચવુ પડે છે અને વીજ વપરાશ પણ ઘટે છે.પરંતુ જો બાળકમાં રાત્રે જ એકાગ્રતાની ટેવ કેળવાતીહોય અનેએ રાત્રે જ વાંચે તો મનોવિજ્ઞાનીઓ એનો વિરોધ ન કરવાની સલાહ આપે છે. બહુ શરૂઆતથી એને વહેલો ઉઠવાની

**શિશુવંદના**

દિશમાં વાળી શકાય તો જ એ કમ આજીવન સચવાઈ રહેવાની સંભાવના છે. ખાસ કરીને પુખ્ત ન થાય ત્યાં સુધી એમને વાંચન સમય અંગેના માર્ગદર્શનની પણ જરૂર રહે છે. બાળકના વ્યકિતત્વનો વિષદ અભ્યાસ કરનાર જ આ અંગે યોગ્ય નિર્ણય લે તે જરૂરી છે.માત્ર પારકા જ્ઞાનસૂત્ર પર ચાલવાથી બાળકની આસનસિદ્ધિ પરિપોષિત નહિ થઈ શકે.

**બાલમિત્રો,**



સાવધાન...સાવધાન... આ સાવધાનનો અર્થ સમજયા કે નહિ? સાવધાન એટલે સજાગ થઈ જવુ. જાગી જવુ. તમે કહેશો કે અમે તો જાણીયે જ છીએ, ચોવીસ કલાક સુતા નથી. સાચી વાત પણ બાળમિત્રો મારી વાત આ માસની છે. આ માસ એટલે ઓગષ્ટ–શ્રાવણ માસ. જેમ મુસ્લિમભાઈઓના રોઝા મહિનો–શ્રધ્ધા ઈબાતનો છે. એમ આ શ્રાવણ માટે અપવાસ માટે પણ શ્રધ્ધા અને પૂજા–અર્ચનાનો મહિનો છે. આખો મહિનો લભગભ શંકરને સૌ જળથી અભિષેક કરશે. પણ શંકરને શરદી થાય કે નહિ?

માટે બીજી વાત કહેવી છે. આ માસમાં રજાઓ આવશે. ખાવા–પીવાના ઉત્સવો આવશે. વળી, વરસાદી વાતાવરણ હોય છે. એટલે બિમાર પડવાની પૂરી શકયતા છે. રોગને નિમંત્રણ આપવાનો મહિનો છે. જાળવાનો, પેટ આપણુ છે, શરીર આપણુ છે પણ એની ક્ષમતા કેટલી છે. એ વિવેકથી આપવુ જોઈએ. ખાવા–પીવા માટે, હરવા–ફરવામાં, ઉજાગરા કરવામાં વિવેક જાળવજો. બધુ જ મર્યાદામાં સારુ લાગે કહે છે ને.અતિને ગતિ નહિ. કોઈપણ કાર્ય, ઉંઘ, ભોજન વધુ પડતુ થાય તો નુકસાન સહન કરવાનો વારો આવે માટે સાવધાન...સાવધાન...

## ટશુકભાઈની વાર્તા

એક ડોશી હતી. તે એકવાર પાદરે ફરવા ગઈ.પાદર ચીભડાનાં વેલા બહુ થયા હતા. તેમાં તેણે એક ચીભડુ દીઠું ચીભડુ ખાવાનું મન થયુ એટલે ડોશીએ તે તોડીને ઘેર આણ્યું. ડોશી તો હાથપગ ધોઈને જયા ચીભડું ખાવા જાય છે. ત્યાં ચીભડું બોલ્યું : 'મા, મા ! મને ખાશો મા. હું તો તમારો દીકરો છું.

ડોશીએ તો અચંબો પામીને ચીભડાને એક કોરે મૂકયું. થોડી વાર થઈ ત્યાં તેમાંથી એક છોકરો નીકળ્યો.

ડોશીએ તેનું નામ સાંગો પાડયુ.

એક દિવસ ફરી ડોશી પાદર ગઈ અને ચીભડુ તોડી લાવો. ડોશી જયા ચીભડુ ખાવા જાય છે. ત્યાં ચીભડુ બોલ્યુ : 'મા, મા! મને ખાશો મા. હું તો તમારી દીકરો છું.''

ડોશીએ તો નવાઈ પામી ચીભડાને છેટુ મૂકયુ. થોડીક વારે તેમાંથી બીજુ બાળક નીકળ્યુ.તેનુ નામ ડોશીએ શરવણ પાડયુ.

વળી થોડાક દિવસ ગયા એટલે ડોશી પાદરે ગઈ અને એક સારુ મજાનુ ચીભડુ તોડી લાવી. જયા નિરાંત કરી ચીભડુ ખાવા જાય છે. ત્યાં ચીભડાને વાચા ઉપજીને તે બોલ્યુ : 'મા, મા! મને ન ખાશો, હું તો તમારો દીકરો છું.'

ડોશીમાં તો બહુ વિચારમાં પડી ગયા અને ચીભડાને બાજુએ મૂકયુ . થોડીક વારે ચીભડામાંથી એક ત્રીજો છોકરો નીકળ્યો. ડોશીએ તેનું નામ લાખો પાડયુ.

ડોશીને વળી એક દિવસ ચીભડા ખાવાનું મન થયુ અને તે પાદર ગયા. શોધીને મજાનું મીઠુ ચીભડુ લાવ્યા. ઘેર આવી ડોશી ચીભડુ ખાવા જાય ત્યાં તો ચીભડુ બોલ્યુ : 'માડી ! મને ન ખાતા, હુ તો તમારો દીકરો છું.'

ડોશીએ તો આ વખતે પણ ચીભડાને કોરે મૂકયુ. થોડી વાર થઈ ત્યાં તેમાંથી એક છોકરો નીકળ્યો. એ છોકરાનું નામ ડોશીએ લખમણ પાડયુ.

હવે ચીભડાટાણી ઉકલી જવા આવી હતી. ડોશીએ વિચાર કર્યો કે હવે એક વાર જાઉ અને જેવુ મળે એવુ ચીભડુ લાવીને ખાઉ. ડોશી તો એક પાકુ ને નાનુ સરખુ ચીભડુ લઈ આવ્યા. ડોશી જયા હાથપગ ધોઈ ચીભડુ ખાવા જાય છે. ત્યાં તો વળી ચીભડુ બોલ્યુઃ 'હું હં, મા!મને ન ખાશો. હું તો તમારુ બાળક છું.

ડોશીએ ચીભડુ ન ખાધુ એને કોરે મૂકયુ. તરત જ તેમાંથી એક ટૂંકુ ઠીંગણુ બાળક નીકળ્યુ.ડોશીએ તેનુ નામ ટશુકભાઈ પાડયુ.

ડોશીએ તો પાંચે દીકરા ખાઈ–પીને મોટા થયા. એક દિવસ ડોશી જંગલમાં લાકડા લેવા ગયા. ડોશીને રસ્તામાં સિંહ મળ્યો. સિંહ કહે : 'ડોશી, ડોશી! તને ખાઉ.'

ડોશી કહેઃ 'અરે ભાઈ! મને તે ખવાય ? તું તો મારી ભાઈ થાય. તું મને ખાય તો તારા ભાણેજો રખડે ને?''

સિંહે મનમાં વિચાર કર્યો કે ડોશીને એકલીને ખાવી કરતા ડોશી અને ભાણેજો બંધાયને ખાવા તે ઠીક. તે બોલ્યોઃ'ડોશી તો હુંભાણેજોને જોવા આવીશ. ભાણેજોને વાત કરજે. કોલ સાંજે આવીશ.'

ડોશી કહે :'ઠીક.'

ઘેર જઈને ડોશીએ છોકરાઓને બધી વાત કહી અને ચેતવી રાખ્યા.

બીજે દિવસે સાંજે આવ્યો.

મામો ને સૌ ભાણેજો બેઠા. ભાણેજોએ મામાની સારી રીતે ચાકરી કરી. પછી ભાણેજોએ મામાને કહ્યુ :' મામા! એક વાર્તા કહો.' એટલે સિંહ વાર્તા કહેવા લાગ્યો :

'પહેલા તે ખાશુ શરવણ,
પછી તે ખાશુ લખમણ,
પછી તે ખાશુ ટશુકભાઈને,
પછી ને ખાશુ ડોહલીબાઈને.'

સિંહે પોતે વાત પૂરી કરી. પછી ભાણેજોને કહે : 'ભાણાંભાઈ ! હવે વાર્તા કહેવાનો વારો તમારો.. છોકરાઓ કહે :'સાંભળો, મામા!'

હાથડા તે થોભશે સાંગો શરવણ,
પગડા તે ઝાલશે લાખો લખમણ,
માથડું તે કાપશે ટશુકભાઈ રે.
દીવડો તે થોભશે ડોહલીબાઈ રે,

આ વાત સાંભળી સિંહનાં મનમા ફાળ પડી. એટલે તે પૂછડું માથે લેતોક જંગલમાં નાસી ગયો.

## બાલ કથાઓ



ગિજુભાઈ બધેકા
(બાલ સાહિત્યના બ્રહ્મા)

## ફરજનું સાચું જ્ઞાન

ભોલુ રીંછને જનરલ સ્ટોર હતુ. તેનો સ્ટોર સારો ચાલતો હતો. ગામમાંહોમ ડિલિવરફ્રી આપતો હતો.બે શાખા પણ હતી.તેની દુકાનમાં હેન્સી ઘોડો કામ કરતો હતો. આખો દિવસ બધાના ઘરે સામાન આપી થાકી જતો હતો. એક દિવસ હેન્સીને ઉદાસ જોઈ તેના મિત્ર શિલુ શિયાળે સલાહ આપી., ''તારે તારુ કામ ઓછુ કરવુ હોય તો, એક આઈડિયા છે. ગમેશ ગધેડો આમેય ભોળો છે. તું તેને કહે કે આપણે બંને ભોલુની દુકાનમાં કામ કરીએ.મારો અડધો પગાર તને આપીશ. આમેય તુ નવરો જ છે. આપણે બંને સાથે કામ કરીશુ અને આનંદથી રહીશુ.''

ગમેશ તો હેન્સીની વાતમાં આવી ગયો. બંનેએ સાથે કામ કરવાનું શરૂ કર્યુ. બે–ત્રણ દિવસ પછી હેન્સી ગમેશ પાસે વધારે કામ કરાવવા લાગ્યો.મોટો ફેરો અને દૂર જવાનુ હોય ત્યાં ગમેશને મોકલેઅને પોતે નજીકમાં જાય અને ઓછો માલ ઉપાડે.

થોડાક દિવસમાં તો ગમેશ કામ કરીને થાકી ગયો. વનુ વાંદરાની નજર ઓળખી ગઈ કે તેના મિત્ર ગમેશ કંઈક દુઃખી છે. વનુએ ગમેશને કહ્યુ કે, ' ' કેમ ઉદાસ જણાય છે?''

ગમેશે રડતા રડતા હેન્સીની બધી વાત કરી. વનુએ કહ્યુ કે, ''હું કંઈક વિચાર છુ. તું હમણા નિરાંત રાખજે.'' ચાર–પાંચ દિવસ પછી વનુએ ગમેશને કાનમાં એક યુકિત કહી. ગમેશ તો રાજી–રાજી થઈ ગયો.

'' આજે બીજી શાખામાં ઘણો બધો માલ લઈ જવાનો છે. ચાલ જલદી તૈયારથઈ જા.'' હેન્સી બલ્યો.

''મને કાલ રાતથી બહુ ચક્કર આવે છે. છાતીમાંદુઃખે છે. મારાથી ચલાતુ પણ નથી. હમણા થોડાક દિવસ



મારે આરામ કરવો પડશે.'' એમ બોલી ગમેશ તો સૂઈ ગયો.

હેન્સી તો અઠવાડિયા સુધી કામ કરીને થાકી ગયો. ગમેશ તો ઉભા થવાનુ નામ જ લેતો ન હતો. વનું રોજ રાત્રે ખાવાનું આપી જતો. હેન્સી જોતો કે



ગમેશ ખાતો પણ નથી.

હેન્સી હવે મનોમન મૂંઝાયો આ તકનો લાભ લઈ વનુ હેન્સી પાસે આવ્યો. હેન્સીને સમજાવતા વનુ કહે કે, ''ગમેશનો તે ખોટી રીતે ઉપયોગ કર્યો.ભાગીદારીમાં બંનેનો, સરખો હિસ્સો હોવો જોઈએ.''

'' મને હવે મારી ભૂલ સમજાય છે. હું હવે કયારેય ગમેશને ખોટી રીતે વધારે કામ નહિ કરાવુ.અમે બંને સાથે જ સરખુ કામ કરીશુ.

બંનેની વાત સાંભળી રહેલો ગમેશ ઉભો થઈ બંનેની આસપાસ આનંદથી ચક્કર મારવા લાગ્યો. હેન્સીએ તેને ગળે લગાડયો અને માફી માગી.

## બંકિમચંદ્ર ચટોપાધ્યાય

**જન્મ : ૨૭ જૂન, ૧૮૩૮**
**મહાપ્રયાણઃ ૮ એપ્રિલ, ૧૮૯૪**

બંકિમચંદ્ર ચટોપાધ્યાય એટલે 'વંદે માતરમ' જેવા મહામંત્રના પુરસ્કર્તા.તેમનો જન્મ ૨૭ જૂન,૧૮૩૮ના રોજ બંગાળના નૈહાટીમાં થયો હતો.બંકિમચંદ્રએ કલકતાની હુગલી ફેકલ્ટી અને પ્રેસીડેન્સી ફેકલ્ટીમાં શિક્ષણ મેળવ્યુંહતુંતેઓ બંગાળી ભાષાના અત્યંત પ્રતિષ્ઠિત સાહિત્યકાર હતા.તેમણે રચેલું 'વંદે માતરમ' ગીત ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામ દરમિયાન ક્રાંતિકારીઓ માટે પ્રેરણાસ્ત્રોત હતુંઅને આજે પણ રાષ્ટ્રવાદીઓ તેના પર ગર્વ અનુભવે છે.બંકિમબાબુ બાળપણથી જ પુસ્તકોમાં રસ ધરાવતા હત અને શરૂઆતમાંએંગ્લો ભાષા તરફ આકર્ષાયા હતા.એક વખત તેમના અંગ્રેજ શિક્ષકે તેમને ખરાબ રીતે ઠપકો આપતાં અંગ્રેજીમાં તેમનો રસ સમાપ્ત થઈ ગયો હતો અને માતૃભાષામાં રસ જાગ્રત થયો હતો.ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી તેઓ મેજીસ્ટ્રટ બન્યા હતા.તો બીજી તરફ સાહિત્યકાર તરીકે પણ તેમણે ઉતમ નામ કમાવ્યું હતું.તેમણે ૧૮૬૬માં કપાલકુંડાલા, ૧૮૬૯માં મૃણાલિની, ૧૮૭૭માં રજની,૧૮૮૧માં રાજસિંહ અને ૧૮૮૪માં દેવી ચૌધરાણી સહિત




અનેક નવલકથાઓ લખી હતી.બંકિમબાબુને સાહિત્યકાર સાથે સાથે એક મહાન દેશભકત તરીકે પણ ઓળ ખવામાં આવે છે.તેમણે પોતાની કલમ દ્વારા





હતો.સમગ્ર ભારતને હચમચાવી દેનાર અને અંગ્રેજોના પેટમાં તેલ રેડનાર તેમનું સર્જન છે– 'વંદે માતરમ ' ગીત.૧૮૮૨માં તેમણે બંગાળી ભાષામાં આનંદ મઠ નામની નવલકથા લખી.વંદે માતરમ ગીત આ જ નવલકથાનો એક ભાગ છે.દુર્ગામાતાની સ્તુતિના આ ગીતમાં ભારતમાતાની ભકિતનો ભાવ અભિપ્રેત છે.આ ગીત સૌ પ્રથમ વાર ૧૮૮૬માં રાષ્ટ્રીય કોંગ્રેસના કલકતાના અધિવેશનમાં જાહેર મંચ પરથી ગવાયું.ગાનારા મહાનુભાવ કવિવર રવીન્દ્રનાથ ટાગોર હતા.આ ગીત ભારતનો મહિમા ગાતું હોવાથી રાષ્ટ્રવિરોધી લોકોને પસંદ ન હતું.આમ બકિમબાબુએ વંદે માતરમ દ્વારા દેશવાસીઓમાં આઝાદીની ભાવના જાગૃત કરી હતી.આ માટે તેમણે ખૂબ સહન પણ કરવું પડયું હતું.આને કારણે તેમની નોકરીમાં અંગ્રેજ અધિકારીઓ અડચણ ઉભી કરતા.બંકિમબાબુને તેમની ક્રાંતિકારી પ્રવૃતિઓ અને લખાણના કારણે નોકરીમાં પ્રમોશન પણ મળ્યું નહોતું.તેઓ ૫૩ વર્ષની ઉંમરે નિવૃત થવા માંગતા હતા, પરંતુ અંગ્રેજોએ આવું થવા દીધું નહી.તેનો ઈરાદો કંઈક બીજો હતો.જોકે,કોઈક રીતે બંકિમચંદ્ર નિવૃત થયા અને લખવાનું ચાલુ રાખ્યું હતું.બાદમાં તેઓ રામકૃષ્ણ પરમહંસને મળ્યા અને પછી તો અંગ્રેજો સામેના તેમના સંઘર્ષને નવી દિશા મળી હતી.તેમણે અંગ્રેજો સામે જોરશોરથી લડવાનુંશરૂ કર્યુ.તેમની હેરાનગતિ સામે કદી તેઓ ઝૂકયા નહી.આખી જિંદગી આ પ્રકારે ક્રાંતિકારી પ્રવૃતિ કરતા રહયા અને આખરે ૮ એપ્રિલ,૧૮૯૪ના રોજ કલકતામાં તેમનું અવસાન થયું હતું.

## બાલ ગીત



**નામઃ** ગરાણા ફીજા ફપાજભાઈ
**ધોરણઃ** ૫, સ્કૂલ એન.ડી. સંઘવી રૂપાયત
**વિષયઃ** બાલગીત

નાની મારી આંખ એ જોતી કાક કાક એતો કેની અજબ જેવી વાત છે. નાના મારા હાથએ તાળી પાટે સાથ એ તો કેવી અજબ જેવી વાત છે. પગ મારા નાના એ ચાલે છાના માના એતો કેવી અજબ જેવી વાત છે. નાક મારુ નાનુ એ સુંઘે ફુલ મજાનુ એતો કેવી અજબ જેવી વાત છે. મોઠુ મારુ નાનુ એ બોલે કાનુ કાનુ એતો કેવી અજબની વાત છે.

# વાર્તા : વાદળ વરસ..લાગી તરસ

**લેખક પરિચય**
**નામ : હસમુખ બોરાણિયા**
**જન્મતારીખ : ૧૮.૦૫.૧૯૫૯**
**વતનઃ બાબાપુર, હાલઃ અમરેલી.**
**વ્યવસાયઃ નિવૃત્ત પ્રિન્સિપાલ, (પ્રાથમિક શાળા)**



## કબુકબુ, આજા, આજા!

હસમુખ બોરાણિયા



(અનુસંધાન)

તો ડેમભાઈ કહે, ‘‘ચોમાસામાં તો હું છલકાઈ જાઉ છુ. ઉનાળો આવતા તો પાણી ખૂટે છે. આસપાસના ઘણા ગામોને પીવાનું પાણી આપુ છું. એટલુ પાણી વપરાય છે કે ઉનાળો આવતા તો ખૂટી પડે છે. અત્યારે થોડુ પાણી છે. એટલે થોડુ આપુ છું. અને હા, અમે તો નદીનાં પાણીને રોકીને ઉભી છીએ.ફ વધુ પાણી મળે તે માટે તું નદીને કહે.’’

નીરવ થાકયો હતો. છતા ઉપાડયો નદી પાસે. નદીને કહે, ‘ ‘વંદન નદીમાતા ! તમે ડેમને પાણી કેમ નથી આપતા. બારેમાસ ?’’તો નદી હસતા–હસતા કહે, ‘‘બેટા, ચોમાસામાં વરસાદ પડે એટલે પૂર આવે. ઉનાળો આવતા પાણી સુકાઈ જાય. અમને તો આ ઉપર દેખાય છે ને તે વાદળ જ પાણી આપે. વાદળ વરસે એટલે અમે વહીએ ભરપૂર! તું વાદળને વિનંતી કર.....વાદળ વરસી જાય, એટલે નદી છલકાય અને મારો મલકક મલકાય મરક... મરક....!’’

નીરવ તો ઉપર જોઈને વાદળને કહે, ‘‘વાદળ ! વાદળ ! વરસી જા.’’ નીરવની વાત સાંભળ ીને વાદળ બોલ્યુ. ‘‘અમે તો વરસીએ છીએ. તેમ પાણીનો બગાડ કરો છો. પછી ઉનાળામાં પાણીની તંગી ભોગવો છો. માટે પાણી બચાવો.’’

નીરવ કહે, ‘‘ તમારી વાત સાચી છે, વાદળભાઈ ! હવે અમે પાણીને સાચવીશુ, બસ? હવે તમે વરસી જાવ. ધરતીની તરસ છિપાવી જાવ!’’

નીરવની વાત સાંભળ ીને વાદળ રાજી થયુ ને બોલ્યુ, ‘‘ હા, નીરવ, હવે ચોમાસુ નજીક છે. એટલે અમે વરસીશું ધોધમાર બસ?’’ને રાજી થઈને નીરવભાઈ ઉપર ઠંડા–ઠંડા પાણીનાં છાંટા ઉડાડયા. વાદળભાઈએ....નીરવ રાજી ! વાદળ રાજી !

# વાર્તા રે વાર્તા

**દર શનિવારે રૂપાયતન ટ્રસ્ટ સંચાલિત એન.ડી. સંઘવી પ્રા.શાળામાં ‘‘વાર્તા રે વાર્તા’’ શરૂ કરેલ છે. દર વખતે ૧૫થી ૨૦ ધો. ૧થી ૮નાં બાળકો આવે છે. જેમાંથી બાળકોએ વાર્તા, ગીતો, નાટક, ઉખાણા રજૂ કરેલ.**



# બાગગીત

**નામઃ** ગરાણા સગુફતા અપાજભાઈ
**ધોરણઃ** ૫, સ્કૂલ એન.ડી. સંઘવી રૂપાયત




તીતલી ઉડી ઉડતા સકી
તીતલી ઉડી ઉડના સકી બસમે બેઠી સીટના મીલી સીટના મીલી તો રોને લગી ડ્રાઈવરને બોલા આજા મેરે પાસ આજા મેરે પાસ તીતલી બોલી હટબદમાસ મેરા ઘરે પાસ હટબદમાસ મેરા ઘરકે પાસ તીતલી ઉડી ઉડના સકી તીતલી ઉડી ઉડના સકી ટ્રેન મે બેઠી સીટના મીલી ના મીલી તો રોને લગી બંદરને બોલા. આજા મેરે પાસ આજા મેરે પાસ તીતલી બોલી હટ બદમાસ હટ બદમાસ મેરા ઘરહે પાસ તીતલી ઉડી ઉડના સકી પલેનમે બેઠી સીટના મીલી સીટના મીલીતો રોને લગી સીટના મીલીતો રોને લગી ખરગોસ ને બોલા આજામેરે પાસ આજા મેરેપાસ હટ બદમાસ મેરા ઘરેહે પાસ તીતલી ઉડી ઉડના સકી.

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



પૂ. ડોંગરેજી મહારાજની અમૃતવાણી
જ્ઞાન ઝરણા



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧. ગ્રાહકમાં ઈશ્વર છે. એવુ વેપારી સમજે તો વેપાર એ પણ ભકિત છે. હું જે બોલુ છું. તે ભગવાન સાંભળે છે.
૨. ઈશ્વર સર્વમાં છે, તેવો અનુભવ કરવાની આદત પાડો.
૩. સ્વતંત્ર તે છે કે જે જિતેન્દ્રિય છે. મનુષ્યને સ્વાતંત્ર્ય સ્વેચ્છાચારી બનાવે છે. સ્વતંત્ર થશો નહી. કોઈ સંતને ગુરુ માની આધિન રહેજો. પણ ગુરુ કરતા પહેલા વિચાર કરજો કે જેને ગુરુ બનાવવા માગું છે તે લાયક છે કે નહી.
૪. ઈશ્વરને અર્પણ કર્યા વગર ખાય તે ભૂખ્યો મર્યો છે.
૫. દીવો કરવાથી પ્રકાશ તમારા હૃદયમાં થશે. સેવા કરવાથી સેવકને સુખ થાય છે.
૬. સારા કપડા બગડવાની બીકે મંદિરમાં મનુષ્ય ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરતા નથી.
૭. ઉત્તમમાં ઉત્તમ વસ્તુ ઠાકોરજીને અર્પણ કરવી.
૮. સેવા કરતા રોમાંચ થાય, સેવા કરતા આંખમાં આંસુ આવે, તે સાચી સેવા
૯. ભગવાન માટે રસોઈ કરો, ભગવાનને અર્પણ કરીને જમો. એવો નિયમ લેજો કે ઠાકોરજીને અર્પણ કર્યા વગરનું હું ખાઈશ નહી.
૧૦. કથામાંથી કોઈ નિયમ નહી લો તો કથા તમારી વ્યર્થ, કથા કાનમાં હૈયામાં રાખવાની છે.

# જ્ઞાનમંજરી

## ભારતનાં મહત્વનાં સ્થળો

૧. સિંધુ સંસ્કૃતિના લોકો કયો પાક લેતા ન હતા ?–શેરડી
૨. લોથલ કઈ નદીના કિનારે છે?–ભોગાવો
૩. ‘આર્ય’ શબ્દનો અર્થ શુ થાય ?–શ્રેષ્ઠ
૪. સત્યમેવ જયતે કયા ઉપનીષદમાંથી લેવામાં આવ્યુ છે?–મુંડકોપનિષદ
૫. વૈદક કાળના લોકોએ સર્વપ્રથમ કઈ ધાતુનો ઉપયોગ કર્યો હતો?–ત્રાંબુ
૬. કયા વેદની રચના ગદ્ય અને પદ્ય બંનેમાં કરાયેલ છે?–યજુર્વેદ
૭. જયસંહિતતા કોને કહેવામાં આવે છે?–મહાભારતને
૮. અષ્ટાધ્યાયીના લેખક કોણ હતા?–પાણીની
૯. ઋગ્વેદમાં શંકરનો ઉલ્લેખ કયા રૂપમાં થયો છે?–રૂદ્ર
૧૦. ચાર વર્ણોનો ઉલ્લેખ સૌપ્રથમ કયા ગ્રંથમાં જોવા મળે છે?–પુરૂષ સુકત




# એકાંત

સંસારના સઘળા ઘોંઘાટ વચ્ચે, અનેક લોકોની આવનજાન વચ્ચે, સારા–માઠા પ્રસંગોમાંથી પસાર થતા, ગમતી–અણગમતી પ્રવૃતિની જંજાળ વચ્ચે, દિવસની ભારે વ્યસ્તતામાં કે રાત્રીમાં ઉંઘના અભાવે પડખા ફરતા, ખુશીના માહોલમાં કે ગમગીનીની સ્થિતિમાં–


જેને પણ ‘પોતાનુ એકાંત’ મેળવતા આવડી ગયુ, તે જીતી ગયો! પોતીકા એકાંતની વિશિષ્ટ મનોમય સ્થિતિમાં જે થોડા શ્વાસ લઈ શકે છે.તે ગમે તેવા ઉંડાણમાં તરી શકે છે, બાકી ડૂબનારાને આપણે કયા નથી જોયા?

## પ્રયોગ – ૫
# છાણિયું ખાતર અને માટી




**હેતુઃ** ખાતરવાળા કૂંડામાં છોડની વૃદ્ધિ સારી અને ઝડપથી થાય છે. તે સાબિત કરવુ.
સાધનઃ બે કૂંડા
પદાર્થઃ પાણી, માટી, છાણિયુ ખાતર, વાલનાં બીજ.
**રીતઃ**
– બે કૂંડા લો
– બંને કૂંડામાં એકસરખી માટી લો.
– એક કૂંડામાં માટી સાથે છાણિયુ ખાતર મેળવો. બીજા કૂંડાની માટીમાં ખ ખાતર ઉમેરવુ નહિ.
– બીજા કૂંડામાં વાલના બીજ વાવી રોજ એકસરખુ પાણી આપો.
– બંને કૂંડાને એક સમાન સૂર્યપ્રકાશ મળે તેમ મૂકો.
**અવલોકનઃ**
– ખાતર વાળા કૂંડામાં છોડની વૃદ્ધિ સારી અને ઝડપથી થયેલી જોવા મળે છે.
– ખાતર વગરના કૂંડામાં છોડની વૃદ્ધિ પ્રમાણમાં ઓછી અને ધીમી થયેલી જોવા મળે છે. તારણ :જમીનમાં ખાતર ઉમેરવાથી પોષક તત્વોનું પ્રમાણ વધતા ફળદ્રુપતા વધારો થાય છે. જેથી છોડની વૃદ્ધિ સારી થાય છે. **કેકટસ(થોર)ના મુળ જમીનમાં દસથી પંદર ફુટ નીચે હોય છે.**

પ્રયોગની પાંખે
વિજ્ઞાન નગરી
પ્રકાશકઃ શ્રી બળવત પારેખ



# અખંડધારા




–‘‘વિચારક

મહાન ગુરુ બોકુજુ પાસે એક શિષ્ય આવ્યો. તેણે પૂછયુઃ‘ આપણે દરરોજ ખાઈએ–પીએ છીએ, કપડા પહેરીએ છીએ. હવે આ બધી બાબતમાંથી છૂટી કેવી રીતે જવાય? આત્માની ખોજમાં શું બધુ આડે આવતુ નથી?’’

બોકુજુઃ ‘સહેલો રસ્તો એ છે કે દરરોજ ખાવુ–પીવુ, દરરોજ કપડા પહેરવો.’

શિષ્ય : ‘આનો અર્થ સમજાતો નથી.’ બોકુજુ : ‘જો આમા કાઈ જ સમજાતુ ન હોય તો પછી પહેલો, ખાઈ–પી લે, તારા કપડા પહેરી લે.’

મરીને આત્મકલ્યાણ થઈ શકે નહી. સાધના તો જીવતા જ કરવાની હોય છે. અને જીવવા માટે ખાવુ–પીવુ જોઈએ : પરંતુ મનને તેમાં આકસ્ત કરવુ નહી અને આત્મલક્ષી રાખવુ. આત્મખોદજ ખે બધા કાર્યોની સાથે સાથે અખંડધારાની માફક ચાલવી જોઈએ.

# સૌનું આરોગ્ય

### (૧૦) ઉનવા


**કારણઃ** અતિ ગરમ પદાર્થોનાં સેવનથી, તમાકુ, ગુટકા, દારૂ કે બીડીના સેવનથી, માંસભક્ષથી તેમ જ જમ્યા ઉપર જમવાની આદતથી ઉનવા થાય છે.
૧. બે ગ્રામ જીરુ, એક ગ્રામ સાકર સાથે સવાર–સાંજ પાણી સાથે લેવુ.
૨. ઉબરાનું દૂધ ત્રણ–ચાર ચમચી લઈ, તેમા અર્ધી ચમચી સાકર મેળવી પીવાથી ઉનવા મટે છે.
૩. પાણીમાં પલાળેલા તકમરિયા અથવા ઈસબગુલમાં સાકર નાખીને પીવાથી ઉનવા મટે છે.
૪. કેસુડાનું બાફી તેનુ પાણી અર્ધાથી એક ગ્લાસ પીવાથી અને બાફેલા કેસુડાનો લેપ પેડુ પર કરવાથી ઉનવા મટે છે. પેશાબની અટકાયત દૂર થાય છે. પૈશાબ બંધ થઈ ગયો હોય તો પણ આ પ્રયોગ કરવાથી દસ જ મિનિટમાં પેશાબનો ખુલાસો થાય છે.
૫. મેહેષુ ધાત્રિનિશે–મેહ એટલે પ્રેમહ, મધુપ્રમેહ સહિત અઢારે પ્રકારનાં પ્રમેહમાં ધાત્રિ એટલે આમળા અને નિશા એટલે હળદર ઉત્તમ છે. હળદર અને આમળાનું ચૂર્ણ સમાન ભાગે લઈ સવારે અને રાત્રે એક–એક ચમચી પાણી સાથે લેવાથી ઉનવા, પેશાબની અટકાયત અને અઢારે પ્રકારના પ્રમેહ મટે છે.

### (૧૧)ઉંદરી(માથાની)

**કારણઃ–** વધુ પડતા ગળ્યા તેમજ ખાટા, ખારા અને તળેલા આહારનાં સેવનથી, અસ્વચ્છતાના કારણે કફની વૃદ્ધિ થઈ રકત દુષિત થતા ઉંદરીનુ દર્દ સતાવે છે.
૧. પરવળના પાનનો રસ ઉંદરીની જગ્યાએ લગાડવાથી ઉંદરી મટે છે.
૨. લીંબોળીનુ તેલ તથા કરંજતેલ સમાન ભાગે મિકસ કરીને તે ઉંદરીની જગ્યાએ લગાવવાથી ઉંદરી મટે છે.
૩. ઉંદરીના દર્દીએ રોજ રાત્રે ત્રિફળ ાચૂર્ણ લેવુ. જેથી ઉંદરી જલદીથી મટી જશે.

### (૧૨) કળતર

**કારણઃ–** શરીરમાં કાચા આમના વધવાથી, અશકિતથી, તેમજકેટલાક અન્ય દર્દોના લક્ષણ રૂપે પગના કળતર થાય છે.



૧. જીરુ અર્ધો તોલો અને ગોળ અર્ધો તોલો બંને એકસાથે ખૂબ લસોટી, સવાર–સાંજ અર્ધો–અર્ધો તોલો ખાવાથી હાથ–પગ, કેડ કે શરીરમાં કોઈપણ જગ્યાએ થતા કળતર મટે છે.

### (૧૩) કૃમિ

**કારણઃ–** વધુ પડતા મિષ્ટાન કે ગળ પણ ખાવાથી, એક વખત લેવાયેલ આહારનું પાચન થયા પહેલા ભોજન કરવાથી, વધુ પડતા દૂધના સેવનથી, તેમ જ વ્યાયામના અભાવથી શરીરની બહાર અને અંદરના મળી કુલ એકવીસ જાતના કૃમિ થાય છે.
૧. કિરમાણીઅજમા અર્ધા તોલો રાત્રે પાશેર પાણીમાં પલાળી રાખી, સવારમાં થોડો ગોળ મેળવી પીવાથી કૃમિની ફરિયાદ દૂર થાય છે.
૨. કીડમાનો રસ સવાર–સાંજ બે આની ભાર પીવો.
૩. કાળીજીરીનો કવાથ પંદર–વીસ દિવસ પીવાથી કૃમિની ફરિયાદ દૂર થાય છે.
૪. વડની વડવાઈઓના કુમળા અંકુર અર્ધો–અર્ધો તોલો વાટી ત્રણ દિવસ પીવાથી કરમ મટે છે.
૫. ખાખરાના બી (પિત્તપાપડો) લાવી, ખાંડીનુ ચૂર્ણ કરવુ, અર્ધો તોલો આ ચૂર્ણ સવાર–સાંજ કૃમિના દર્દીને પાણી સાથે આપવાથી મટે છે.
૬. પિત્તપાપડો ૨૫ ગ્રામ, ફડાછાલ ૨૫ ગ્રામ, વાવડિંગ ૫૦ ગ્રામ–આ ત્રણે ઔષધ લાવી, સાફ કરી, ખાંડીને ચૂર્ણ કરવુ, ઉંમર પ્રમાણે એકથી બે ગ્રામની માત્રમાં રોજ સવારે પાણી સાથે લેવાથી ચારે પ્રકારના કૃમિનો નાશ થાય છે.


### (૧૪) કપાસી

**કારણઃ–** રકતને દૂષિત કરનારા આહારથી, વિરૂદ્ધ આહારના સેવનથી, તેમ જ પગની પાનીમાં કાંટા, કાચ, કે ખીલી વાગવાથી આમ બંને કારણસર પગની પાનીમાં કપાસી થતી જોવા મળે છે.
૧. લોહી નીકળે તેમ કપાસી કાઢવી તેની અંદર ભીનો કળીચૂનો ભરી દેવો. ઉપર પાટો બાંધી દેવો. કળીચૂનો નીકળી જાય તો ફરીથી ભરવો. આથી અનેક માણસોની કપાસી મટી છે.
૨. કપાસી ઉપર સહેજ પાણી મૂકી, માટીના ઠીકરા વડે પાંચ મિનિટ સુધી દિવસમાં ત્રણ વખત ઘસવાથી આઠથી પંદર દિવસમાં કપાસી મટે છે.


# આ મારું ચિત્ર છે




પ્રિના ગૌરીબેન લાઠીયા
ધોરણ–૫ કેરીયા નાગસ પ્રા.શાળા



પ્રિના ગૌરીબને લાઠીયા
ધોરણ – ૫ કેરીયા નાગસ પ્રા.શાળા



માધડ સાધના ચંદુભાઈ
ધોરણ–૮(બી), રૂપાયતન પ્રા.શાળા, અમરેલી



દાફડા જાનવી જયંતીભાઈ
ધો.૬ (એ), રૂપાયતન પ્રા.શાળા, અમરેલી

# અમરેલી : શ્રીમતી એસ.એચ. ગજેરા કેમ્પસના વિદ્યાર્થીઓની એસજીએફઆઇ ચેસ ટુર્નામેન્ટમાં રાજય લેવલે પસંદગી



અમરેલીમાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા સ્કુલ અને શ્રીમતી ચંપાબેન વસંતભાઈ ગજેરા સ્કુલ તથા જ્ઞાન શકિત રેસીડેન્સીયલ સ્કુલ ઓફ એકસેલન્સ તેમજ જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલના વિદ્યાર્થીઓ ચેસ રમતમાં કોચના માર્ગદર્શન હેઠળ પ્રશિક્ષણ મેળવતા, જેઓ અમરેલી તાલુકા કક્ષા સ્કુલ ગેમ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આયોજીત ચેસ ટુર્નામેન્ટમાં રાજય લેવલે પસંદગી થયેલ છે, જેમાં વેકરીયા ધાર્મિક, ગોસાઈ ચાર્મી, ખેર મિતવા, જાદવ સંજના, બારૈયા રાજદીપ અને બહેરા રૂદ્રનારાયણ નામના વિદ્યાર્થીઓનું ચેસ રમતમાં રાજયલેવલે પસંદગી થયેલ છે. ભવિષ્યમાં વધુ સારી સિધ્ધીઓ મેળવી શકે તેવાજ વિદ્યાર્થીઓનું રાજયકક્ષાએ પસંદગી થયેલ છે. આ તકે સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખૂંટ કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી તેમજ શાળાના આચાર્ય અને સ્ટાફગણ દ્વારા વિદ્યાર્થીઓને રાજયકક્ષાએ પણ આવીજ રીતે અવિરત દબદબો કાયમ રાખે તેવી શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### લાયન્સ કલબ ઓફ અમરેલી(સિટી) દ્વારા

# લીલીયામોટાનાં ઉમિયા મંદિર ખાતે વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો

### પારેખ પરિવાર તરફથી સહયોગ મળેલ



અમરેલી, તા. ૨

અમરેલી લાયન્સ કલબ ખાતે ઉમિયા માતાજી મંદિરે સુદર્શન નેત્રાલય અમરેલીઅને રમાબેનઅનિલભાઈ પારેખ પરિવાર મુંબઈના આર્થિક સહયોગથી સામાજિકપ્રવૃત્તિ અંતર્ગતઅંધત્વ નિવારણ દૂર કરવાના હેતુસર દસમો વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પ તા. ૧/૮/૨૦૨૪ ને ગુઢવાર સવારે ૯ કલાકે આયોજીત કરવામાં આવેલ હતો.

આ નેત્ર નિદાનઅને નેત્રમણી આરોપણ કેમ્પનું દિપપ્રાગટ્ય શ્રી ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટ લીલીયા મોટાના ઉપપ્રમુખ મનસુખભાઈ ગાંગડિયા દ્વારા કરવામાં આવેલ હતું અને તેઓએ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)ને અંધત્વ નિવારણ અંગેની પ્રશંસનીય કામગીરીને બિરદાવી હતી અને આ કેમ્પનો વધુમાં વધુ દર્દીઓએ લાભ લેવા અપીલ કરી હતી.

આંખના રોગજેવા કેમોતિયો, જામર, વેલ, પરવાળા, ત્રાંસી આંખ, કીકી, પડદા તથા આંખના અન્ય રોગોની તપાસ નિષ્ણાંત ડો. દર્શિતભાઈ ગોસાઈ અને તેની ટીમ દ્વારા કરવામાં આવેલ હતી. જરૂરિયાતમંદ દર્દીઓને સુદર્શન નેત્રાલય અમરેલીમાં લાવીને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નેત્રમણી બેસાડી આપેલ છે. નેત્ર જાળવણી અને જાગૃતિ અંગેની ૫,૦૦૦ પત્રિકાનું વિતરણ કરવામાં આવેલ હતું. આ કેમ્પમાં ૬૮ આંખ રોગના દર્દીઓએ લાભ લીધો હતો અને ૯ દર્દીઓને નેત્રમણી આરોપણ કરવામાં આવેલ હતું. દરેક દર્દીઓના બ્લડ પ્રેશર તેમજ બ્લડ સુગર ચકાસવામાં આવેલ હતા.

આ ઉપરાંત જરૂરિયાતમંદ વ્યક્િઓની આંખના નજીક તથા દુરના નંબરની તપાસ કરી કેમ્પ સ્થળ ઉપર નંબર પ્રમાણે રાહત ભાવે ચશ્મા બનાવી આપવામાં આવેલ હતા. નિયમિત રીતે ઉમિયાધામ લીલીયા મોટા મુકામે દર મહિનાના પહેલાં ગુરૂવારે આંખના નિષ્ણાત ડોકટરની ટીમની સેવાઓ થકી વિનામૂલ્યે નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

આ કેમ્પને સફળ બનાવવા માટે ઉમિયા માતાજી મંદિર ટ્રસ્ટના પ્રમુખ બાબુભાઈ ધામત, ઉપપ્રમુખ મનસુખભાઈ ગણેશભાઈ ગાંગડીયા, મંત્રી બટુકભાઈ બી. સોળીયા, મગનભાઈ ભીખાભાઈ ધામત, પ્રકાશભાઈ આચાર્ય, લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) તરફથી પ્રમુખ લાયન મનોજભાઈ કાનાણીની રાહબરી હેઠળ પૂર્વ પ્રમુખ લાયન પ્રા. એમ.એમ. પટેલ, લાયન રમેશભાઈ ગોલ, ટ્રેઝરર લાયન સાહસભાઈ ઉપાધ્યાય તેમજ સુદર્શન નેત્રાલય તરફથી કિર્તીભાઈ ભટ્ટ, નિલેશભાઈ ભીલ, લાલબહાદુર ભટ્ટ ની ટીમ તેમજ દુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ દ્વારા જહેમત ઉઠાવવામાં આવેલ હતી.

પાના ૮ ઉપરનું ચાલું

## અમરેલીનાં એસ.ટી. બસ સ્ટેન્ડમાં

તેમની પાછળ પાછળ ફર્યા કરે છે તથા યુવતીની બસમાં જઈને હેરાન કરનાર વ્યકિત પોતાનાં મિત્રો પાસેથી વારંવાર યુવતીનાં નંબર મેળવવાનાં પ્રયાસો કરે છે. તથા યુવતીનું ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ જાણી વારંવાર તેને અલગ અલગ આઈડી પરથી મેસેજ કાર્ય કરે છે, આ વાતની જાણ થતા યુવતીએ વ્યકિતને સમજાવ્યો પરંતુ તે વ્યકિત માન્યો નહિ છેવટે યુવતીએ અભયમમાં કોલ કરી મદદ માટે કહેલ, અભયમ ટીમ દ્વારા તે વ્યકિતને સમજાવવામાં આવ્યો તેનું કાઉન્સિલ કરવામાં આવ્યું અને એ વ્યકિતએ પોતાની ભુલ સ્વીકારી અને યુવતી પાસે માફી માંગી અને ફરી કયારેય તે આવી ભૂલ નહિ કરે તેની ખાત્રી આપી તેથી યુવતીએ હાલ આગળ કાર્યવાહી કરવાનું ટાળ્યું અને યુવકને સુધારવાનો એક મોકો આપેલ.

યુવતીની સમસ્યાનું સમાધાન થતાં તેને અભયમ ટીમનો આભાર વ્યકત કર્યો તથા યુવતીને હેરાન કરનાર યુવકે પોતાની ભૂલનું ભાન કરાવવા માટે અભયમ ટીમનો આભાર વ્યકત કર્યો.

પાના ૮ ઉપરનું ચાલું

## બગસરાથી રાજકોટ અને જુનાગઢ વચ્ચે

જણાવવામાઆવે છે કે સ્ટાફ નથીએટલે બસોબંધ કરીદેવામાંઆવીછે. જોઆપને જવું હોય તો બીજી કોઈ બસ અથવા પ્રાઈવેટ વાહનમાંજતા રહોઆવા ઉડાઉ જવાબઆપતા લોકો પરેશાન થઈ ગયા છે. જયારે આટલા સમયથી ચાલતીઆ લાંબા અંતરની બસો સારો એવો નફો કરતી હોયછતાંઆડેપોના અધિકારીની મનમાનીકરીઅચાનકઆબસોબંધ કરી દેવામાં આવેલ છે. જયારે આટલા સમયથી ચાલતી બસો અચાનક સ્ટાફ નથીના બાના બનાવી બંધ કરી દેવામાં આવી છે. જેનાલીધે અનેક મુસાફરી કરતા લોકો હેરાન પરેશાન થઈ ગયા છે. આવાઅધિકારીનીમનમાનીના કારણેજે લોકોને રાજકોટ તેમજ જૂનાગઢ જેવા ગામોમાં દવાખાના તેમજ અન્ય કામો માટે જવું ફરજિયાત બનતું હોય અને તત્કાલકામ પતાવીનેપરતફરવુંહોયછે. આવામુસાફરનેભારેહાલાકીભોગવવી પડે છે. જે સમયસર પહોંચી નથી શકતા તેમજ સમયસર પરત પણ નથી ફરી શકતા.

તો આવી રીતે ચાલતા આ ડેપોના અધિકારીના અણઘણ વહીવટથી પેસેન્જરો હેરાન પરેશાન થઈ ગયા છે. આબસઅનેક ગામડામાંથીચાલતીહોય છે. તેગામડામાંથીચાલતી બસબંધથઈ જતાં ગામડાના રહીશો પણ હેરાન પરેશાન થઈ ગયા છે. તો સ્થિતિમાં લોકોમાંમાંગઉઠીછે કેઆબસોફરીચાલુ કરવામાં આવે જેથી મુસાફરો ફરી પાછી મુસાફરી કરી શકે અને લોકોની સવલતો પણ સચવાય જાય. જયારે સ્ટાફની ઘટના બણગાં ફુંકાતા અધિકારીઓ પોતાની મનમાની કરી બસો બંધ કરી દેતા લોકો રોષે ભરાયા છે. એક તરફ ડેપોની અન્ય કામગીરી કરવા માટે સ્ટાફ છે તો આ રૂટો શા માટે બંધ કરવામાં આવે છે. આવી સ્થિતિમાં તત્કાલ જે રૂટો બંધ કરી દેવામાં આવેલ છે તેને ચાલુ કરવા લોકોની માંગ ઉઠી છે.

### જિલ્લા કલેકટરનાં અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ

# બગસરા ખાતે જિલ્લા કક્ષાનાં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાશે

### વિવિધ કચેરીનાં અધિકરીઓને જવાબદારી સોંપાઈ




અમરેલી, તા.૧

અમર્લલી જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વ અ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી બગસરા સ્થિત મેઘાણી હાઈસ્કૂલ ખાતે થશે. જિલ્લા કક્ષાની ઉજવણીમાં રાજયના જળસંપત્તિ, પાણી પુરવઠા તેમજ અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે ધ્વજવંદન થશે.

સ્વાતંત્ર્ય પર્વ દિન ઉજવણીના સુચારૂ આયોજન માટે અમરેલી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષ સ્થાને અમરેલી જિલ્લા સેવા સદન ખાતે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લા કલેકટરએ વિવિધ કચેરીના અધિકારીઓને કચેરીને લગતી, કરવાની થતી કામગીરીની સોંપણી કરી હતી. ઉજવણી સાથ સંલગ્ન તમામ વ્યવસ્થાઓ સુચારૂ રીતે ગોઠવાય તે જોવા સૂચના આપી હતી. તેમણે જણાવ્યુ કે, ચોમાસાની ઋતુને ધ્યાને લઈ કાર્યક્રમના સ્થળે આગોતરૂ આયોજન અને કામગીરી પૂર્ણ થાય. જિલ્લા કક્ષાના કાર્યક્રમની ઉજવણી માટે શહેરમાં રોશની અને સફાઈના સઘન કાર્યો થાય તે સુનિશ્ચિત કરવામાં આવે. આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર દિલીપસિંહ ગોહિલે, જિલ્લાના વિવિધ અધિકારીઓને આગોતરા આયોજન તેમજ પ્રોટોકોલ મુજબ વ્યવસ્થાઓ ગોઠવવા વિશેષ કાળજી લેવા સંબંધિત અધિકારીઓને સૂચનાઓ આપી હતી.

બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી પરિમલ અધિકારી, શિક્ષણ, આરોગ્ય, પોલીસ, મહેસૂલ, પંચાયત, વન, માર્ગ મામલતદાર, બગસરા નગરપાલિકા ચીફ ઓફિસર સહિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. અને પંડયા, બગસરા પ્રાંત મકાન, બગસરા તાલુકા જિલ્લાની વિવિધ કચેરીઓના અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૭૦ | ૧૧૭૮ |
| ૨ | શિંગ મોટી | ૧૦૨૬ | ૧૨૪૦ |
| ૩ | શિંગદાણા | ૧૧૦૦ | ૧૫૮૬ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૨૯૨ | ૧૪૭૧ |
| ૫ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૭૨૮ |
| ૬ | તલ કાળા | ૩૦૦૦ | ૩૪૯૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૫૦૦ | ૩૫૨૫ |
| ૮ | બાજરો | ૪૬૫ | ૪૮૮ |
| ૯ | જુવાર | ૪૫૦ | ૭૫૪ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૪૦ | ૫૯૨ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૭૨ | ૫૬૭ |
| ૧૨ | મગ | ૧૨૮૫ | ૧૬૨૫ |
| ૧૩ | ચણા | ૧૨૬૮ | ૧૩૩૮ |
| ૧૪ | તુવેર | ૧૩૯૬ | ૨૧૦૦ |
| ૧૫ | કપાસ | ૯૩૧ | ૧૫૬૪ |
| ૧૬ | એરંડા | ૯૨૫ | ૧૧૪૮ |
| ૧૭ | જીરૂ | ૪૪૦૦ | ૪૯૨૦ |
| ૧૮ | ધાણા | ૯૮૦ | ૧૩૪૫ |
| ૧૯ | અજમા | ૧૧૫૦ | ૨૫૫૦ |
| ૨૦ | સોયાબીન | ૭૪૮ | ૮૧૯ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૮૬ |
| ૨ | શીંગદાણા | ૧૫૦૦ | – |
| ૩ | તલ સફેદ | ૨૨૮૦ | ૨૪૯૫ |
| ૪ | તલ કાળા | – | ૩૨૫૫ |
| ૫ | જીરૂ | ૪૫૦૦ | ૪૭૨૮ |
| ૬ | કપાસ | ૧૨૮૦ | ૧૫૪૫ |
| ૭ | ઘઉં લોકવન | ૫૦૨ | ૫૭૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૨૭ | ૫૬૭ |
| ૯ | બાજરો | ૫૦૦ | ૫૪૦ |
| ૧૦ | જુવાર | ૪૮૧ | ૫૦૧ |
| ૧૧ | મગ | ૧૪૪૧ | ૧૫૦૦ |
| ૧૨ | ચણા | ૧૨૦૦ | ૧૩૫૩ |
| ૧૩ | દેશી ચણા | ૧૩૦૦ | ૧૪૫૫ |
| ૧૪ | તુવેર | ૨૦૨૧ | – |
| ૧૫ | ધાણા | ૯૮૫ | ૧૨૦૨ |
| ૧૬ | સોયાબીન | ૭૮૮ | – |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૩૪૦ | ૧૫૫૨ |
| ૨ | મગફળી | ૧૦૫૦ | ૧૨૨૫ |
| ૩ | જીરૂ | ૪૫૦૦ | ૪૭૦૦ |
| ૪ | ઘઉં | ૪૫૦ | ૫૦૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ૨ | ચણા | ૧૦૦૦ | ૧૨૬૦ |
| ૩ | ઘઉં લોકવન | ૪૮૫ | ૫૨૨ |
| ૪ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૨૪ |
| ૫ | સોયાબીન | ૭૫૦ | ૭૮૬ |
| ૬ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૯૫ |
| ૭ | ધાણા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ૯ | રાય | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૪૬૦ | ૧૫૦૦ |
| ૧૧ | એરંડી | ૧૦૦૦ | ૧૦૧૫ |
| ૧૨ | જીરૂ | ૪૮૦૦ | ૪૮૦૦ |
| ૧૩ | અડદ | ૧૫૭૫ | ૧૭૦૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | ઘઉં | ૫૩૨ | ૫૩૬ |
| ૨ | મગ | ૧૫૯૫ | ૧૫૯૫ |
| ૩ | જીરૂ | ૩૦૦૦ | ૪૫૦૦ |
| ૪ | શીંગ દાણા | ૧૧૫૧ | ૧૪૫૧ |
| ૫ | શીંગ ફાડા | ૯૪૫ | ૯૪૫ |
| ૬ | સોયાબીન | ૭૬૧ | ૮૧૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૫૦ | ૯૫૦ |
| ૨ | તલ સફેદ | ૨૩૫૪ | ૨૪૨૦ |
| ૩ | કપાસ | ૮૦૦ | ૧૫૩૦ |
| ૪ | બાજરો | ૪૭૦ | ૫૧૭ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૦૧ |
| ૬ | જુવાર | ૫૨૦ | ૮૦૦ |
| ૭ | મગ | ૧૬૫૧ | ૧૬૫૧ |
| ૮ | એરંડી | ૧૦૨૧ | ૧૦૨૧ |
| ૯ | શીંગદાણા | ૧૫૫૧ | ૧૫૫૧ |
| ૧૦ | સોયાબીન | ૭૨૧ | ૭૨૧ |
| ૧૧ | રાજગરો | ૧૦૦૧ | ૧૦૦૧ |

### NEET પર સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

# મોટા પાયે પેપર લીક નથી થયું, જો તમને વાંધો હોય તો હાઇકોર્ટમાં જાઓ

## ડીવાય ચંદ્રચુડની આગેવાની હેઠળની બેંચે કહ્યું કે, NEET પેપર લીક માત્ર હજારીબાગ અને પટના સુધી મર્યાદિત છે, આ કોઈ સિસ્ટેમેટિક નિષ્ફળતા નથી

નવી દિલ્હી, તા. ૨

NEET પેપર લીક મામલે સુપ્રીમ કોર્ટે અંતિમ ચુકાદો આપી દીધો છે. કોર્ટે કહ્યું કે, તમામ પક્ષકારોની દલીલો સાંભળ્યા બાદ અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે આ કોઈ સિસ્ટમેટિક નિષ્ફળતા નથી. પેપર લીકની ઘટના માત્ર હજારીબાગ અને પટના સુધી મર્યાદિત છે. અમે માળખાકીય ખામીઓ પર ધ્યાન આપ્યું છે. CJIએ કહ્યું કે, અમે એ નિષ્કર્ષ પર પહોંચ્યા છીએ કે પેપરનો કોઈ સિસ્ટેમેટિક બ્રીચ નથી થયો. પેપર લીક માત્ર પટના અને હજારીબાગ પૂરતું મર્યાદિત હતું. અમે NTA ની માળખાકીય પ્રક્રિયાઓમાં તમામ ખામીઓને પ્રકાશિત કરી છે.

તેમજ વધુમાં કહ્યું કે, પેપર લીક વ્યાપક સ્તરે નથી થયું. NTAએ ભવિષ્યમાં કાળજી લેવી જોઈએ. આ પ્રકારની બેદરકારી ટાળવી જોઈએ. અમે NEETની પુનઃપરીક્ષાની માંગને ફગાવી રહ્યા છીએ. સુનાવણી દરમિયાન કોર્ટે NTAને પરીક્ષા યોજવાની પદ્ધતિ બદલવા માટે કહ્યું છે. એજન્સીએ પ્રશ્નપત્ર સેટ થવાથી લઈને પરીક્ષા પૂર્ણ થાય ત્યાં સુધી સખત તપાસ સુનિશ્ચિત કરવી જોઈએ. પ્રશ્નપત્રો વગેરેનું સંચાલન ચકાસવા માટે SOP બનાવવી જોઈએ. સીજેઆઈએ કહ્યું કે, સમિતિ ડેટા સુરક્ષા પ્રોટોકોલની ભલામણ કરશે જેથી કરીને તમામ સંવેદનશીલ માહિતી સુરક્ષિત રહે અને લીકને પણ ટાળી શકાય. ઈલેક્ટ્રોનિક ફિંગરપ્રિન્ટ્સ રેકોર્ડ કરવામાં આવશે. સાયબર સિક્યોરિટીનું ઓડિટ કરવું પણ જરૂરી છે. વિકલાંગ લોકો માટે પ્રવેશ માટેના અવરોધોને ઘટાડવાના પગલાંની ભલામણ કરો જેથી સમાનતા રહે. NEET UG પર ચુકાદો આપતી વખતે CJIએ કહ્યું કે ખુલ્લી ઈ-રિક્ષાને બદલે રિયલ ટાઈમ ઈલેક્ટ્રોનિક લોક સિસ્ટમ સાથે બંધ વાહનમાં પેપર મોકલવાની વ્યવસ્થા પર વિચાર કરવો જોઈએ. આ સમિતિ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને લગતા કાર્યક્રમો માટેની યોજનાઓની ભલામણ કરશે. NTA પ્રશિક્ષણ સભ્યો, પરીક્ષકો, સ્ટાફ વગેરેની સંભવિતતા પર વિચાર કરશે જેથી કરીને બધા પરીક્ષાની અખંડિતતાને સંભાળવા માટે સુસજ્જ હોય. CJIએ કહ્યું કે સરકાર દ્વારા કમિટીની રચના કરવામાં આવી છે. તેમાં મૂલ્યાંકન સમિતિનો સમાવેશ કરવામાં આવશે. તેમણે કહ્યું કે પરીક્ષા પ્રણાલીની સાયબર સુરક્ષામાં સંભવિત નબળાઈઓને ઓળખવા માટે ટેક્નોલોજી વિકસાવવાની જરૂર છે. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે પરીક્ષા યોજવામાં કોઈ પદ્ધતિસરની ખામી જોવા મળી નથી. જો પરીક્ષા રદ કરવામાં આવી હોત, તો તેની અસર લાખો વિદ્યાર્થીઓને થશે જેઓ પરીક્ષામાં બેઠા હતા. તે જ સમયે, પરીક્ષા પાસ કરતા વિદ્યાર્થીઓ પર તેની વિપરીત અસર થશે. આવી સ્થિતિમાં, સંપૂર્ણ તપાસ અને તમામ મુદ્દાઓને ધ્યાનમાં લીધા પછી, પરીક્ષા રદ ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે પરીક્ષા અને તેની પ્રક્રિયાઓની પવિત્રતા અને અખંડિતતા સુનિશ્ચિત કરવા અને ઉમેદવારોની નકલ અટકાવવા માટે મિકેનિઝમ વિકસાવવા માટે પણ નિર્દેશો આપ્યા છે. સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ગોપનીયતાના અધિકાર સાથે સમાધાન કર્યા વિના, તકનીકી નવીનતાઓ અને ઉમેદવારોની ઓળખની સમયાંતરે ચકાસણી એ સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે કે કોઈ ઉમેદવાર પરીક્ષા માટે પ્રોક્સી ન રાખે.

### બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થાઓ ઉભી કરાઈ

# રાજકોટમાં બંધ કરાયેલું અટલ સરોવર ફરીવાર ખુલ્લું મૂકાયું

## TRP ગેમ ઝોન અગ્નિકાંડ બાદ અટલ સરોવર બંધ હતું

રાજકોટ, તા. ૨

શહેરમાં અટલ સરોવર શરૂઆતથી જ લોકોમાં ભારે આકર્ષણનું કેન્દ્ર રહ્યું છે. TRP ગેમ ઝોન અગ્નિકાંડ બાદ અટલ સરોવર બંધ કરવામાં આવ્યું હતું. પરંતુ મેયર સહિતના શાસકોએ કરેલા નિર્ણય મુજબ ફરી એકવાર અટલ સરોવર લોકોને ફરવા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું છે. બે મહિના કરતાં વધુ સમય બાદ અટલ સરોવર ખૂલતા લોકોમાં ઉત્સાહ છે.આગામી જન્માષ્ટમીના તહેવારોમાં લોકોની ભીડ ઊમટશે.

અટલ સરોવરના મેનેજર નરસી વાળોતરાએ મીડિયાને જણાવ્યું હતું કે, લગભગ બે મહિના કરતાં વધુ સમય બાદ કોર્પોરેશન તંત્રની મંજૂરી બાદ અટલ સરોવર ફરીથી ખુલ્લું મૂકવામાં આવ્યું છે. અગાઉ વેકેશનના સમય દરમિયાન અહીં દરરોજ મોટી સંખ્યામાં લોકો મુલાકાત લેતા હતા. પરંતુ શહેરમાં એક દુર્ઘટના બાદ બે મહિના માટે બંધ રાખવામાં આવ્યું હતું. આગામી સમયમાં જન્માષ્ટમીના તહેવારો આવી રહ્યા છે.નાનાં બાળકો ઈલેક્ટ્રિક સાઈકલની મજા માણી શકે તે માટે ઈવેગા બાઈસિકલ સહિત બાળકો માટે ચિલ્ડ્રન પાર્કની વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવી છે.

TRP અગ્નિકાંડ બાદ અમુક બાબતોને બંધ રાખવાનો નિર્ણય લેવાયો છે. પરિસ્થિતિ સામાન્ય થતાં મનપાના શાસકો દ્વારા રાજકોટ શહેરના અટલ સરોવરને ૧ ઓગસ્ટથી ફરીથી શરૂ કરવા નિર્ણય લેવામાં આવ્યો હતો. જે અંતર્ગત પ્રથમ દિવસે પણ ઘણા લોકો અટલ સરોવરની મોજ માણવા પહોંચી ગયા હતા. ચાલુ દિવસ હોવાથી લોકોની પાંખી હાજરી જોવા મળી હતી. પરંતુ શનિ-રવિ તેમજ જન્માષ્ટમીના તહેવારોમાં અહીં માનવ મહેરામણ ઊમટશે.

### ઓગસ્ટમાં મેઘરાજા કરશે ધમાકેદાર બેટિંગ

# ગુજરાતમાં અત્યાર સુધી પડ્યો ૬૧ ટકા વરસાદ

## અમદાવાદ અને ગાંધીનગરમાં ૪ અને ૫ ઓગસ્ટે ભારે વરસાદની આગાહી IMD દ્વારા કરવામાં આવી છે

અમદાવાદ, તા. ૨

હાલમાં સમગ્ર દેશમાં ચોમાસાની સિઝન ચાલી રહી છે ત્યારે ગુજરાતમાં પણ સારો કહી શકાય તેવો વરસાદ થયો છે. તેમાં પણ હવે ઓગસ્ટ મહિના દરમિયાન નોંધપાત્ર વરસાદ પડશે તેવી આગાહી કરવામાં આવી છે. આ મહિને વિવિધ હવામાન સિસ્ટમ સક્રિય રહેશે જે રાજ્યમાં સતત વરસાદ લાવશે. જેમાં અમદાવાદ અને ગાંધીનગરમાં ૪ અને ૫ ઓગસ્ટે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. IMDના જણાવ્યા અનુસાર, હાલમાં મધ્યપ્રદેશ ઉપરની સિસ્ટમ આગામી બે દિવસમાં ગુજરાતમાં પ્રવેશ કરશે અને તેની સાથે ભારે વરસાદ લાવશે. બંગાળની ખાડી અને અરબી સમુદ્ર પર લો-પ્રેશર સિસ્ટમની રચના સમગ્ર મહિનામાં રાજ્યમાં પુષ્કળ વરસાદ લાવી શકે છે. ગુરૂવારે એટલે કે ૧ ઓગસ્ટના રોજ અમદાવાદ અને ગાંધીનગરના ભાગોમાં એક ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. IMD એ ૨થી ૪ ઓગસ્ટની વચ્ચે દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં ઓરેન્જ અને યલો એલર્ટ જાહેર કર્યું છે. દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, દમણ અને દાદરા નગર હવેલી સહિતના વિસ્તારોમાં આગામી પાંચ દિવસમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, વડોદરા, બનાસકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ અને અન્ય શહેરોમાં હળવાથી મધ્યમ વરસાદની અપેક્ષા છે. હકીકતમાં દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાત, ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં રાજ્યના તમામ જિલ્લાઓમાં ભારેથી અતિ ભારે વરસાદની અપેક્ષા છે. જ્યારે અમદાવાદ અને ગાંધીનગર શહેરો સહિત સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના ભાગોમાં ૪ અને ૫ ઓગસ્ટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ઓગસ્ટના પ્રથમ દિવસે વલસાડમાં સૌથી વધુ ૧૪.૬ મીમી વરસાદ નોંધાયો હતો જ્યારે અમદાવાદમાં ૧૪.૨ મીમી વરસાદ નોંધાયો હતો. દમણ અને વલ્લભ વિદ્યાનગરમાં અનુક્રમે ૫.૨ મીમી અને ૫ મીમી વરસાદ નોંધાયો હતો. ભુજ, ઓખા, પોરબંદર, અમરેલી, વેરાવળ, સુરેન્દ્રનગર અને મહુવા જેવા વિસ્તારોએ છેલ્લા બે સપ્તાહમાં ભારેથી અતિ ભારે વરસાદનો અનુભવ કર્યા બાદ ગુરુવારે પ્રથમ વખત સૂકા રહ્યા હતા. બીજી તરફ જુલાઈમાં આવેલા પુષ્કળ વરસાદે ગુજરાત અને શહેરની વરસાદની ખાધમાં ઘટાડો કર્યો છે. જોકે, ગુજરાત માટે ૨૦% વધુ વરસાદ સામે અમદાવાદમાં સામાન્યની સરખામણીમાં ૮ ટકા વરસાદ ઓછો થયો છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં સિઝનના ૭૫ ટકાથી વધુ વરસાદ થયો છે, જેમાં ત્રણ જિલ્લાઓ પહેલાથી જ ૧૦૦ ટકાને વટાવી ગયા છે. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં ૭૦ ટકા વરસાદ થયો છે જ્યારે પૂર્વ-મધ્ય અને ઉત્તર ગુજરાત પ્રદેશોમાં અનુક્રમે ૪૩ ટકા અને ૪૪ ટકા વરસાદ નોંધાયો છે. અમદાવાદ શહેર માટે પાંચ વર્ષની વરસાદની પેટર્ન અનિયમિત રહી છે. વર્ષ ૨૦૨૨માં ૩૧ જુલાઈ સુધી સિઝનનો ૮૭ ટકા વરસાદ નોંધાયો હતો, જે પાંચ વર્ષમાં સૌથી વધુ વરસાદ હતો, જ્યારે ૨૦૨૩માં સૌથી ઓછો ૩૫ ટકા વરસાદ નોંધાયો હતો.

સુરેન્દ્રનગર, ડાંગ, અરવલ્લી, મહીસાગર, પંચમહાલ અને દાહોદ એમ છ જિલ્લાઓમાં લાંબા ગાળાના વરસાદની સરેરાશની સરખામણી કરવામાં આવે તો તેમાં વરસાદની અછત જોવા મળી છે. તેનાથી વિપરીત કચ્છ, દેવભૂમિ દ્વારકા, પોરબંદર અને જૂનાગઢ એમ ચાર જિલ્લાઓમાં અતિશય વરસાદ પડ્યો છે. આગામી બે દિવસમાં સુરત, નવસારી અને વલસાડમાં ભારેથી અતિભારે વરસાદ અને બનાસકાંઠા, નર્મદા, ભરૂચ, ડાંગ અને તાપીમાં ભારે વરસાદની સંભાવના દર્શાવે છે. શનિવારે સુરત, નવસારી, વલસાડ, છોટા ઉદેપુર, નર્મદા, ભરૂચ, ડાંગ, તાપી અને ભાવનગરમાં ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે.

### આજકાલ લોકસભામાં મહાભારતના વર્ણનની વધુ ચર્ચા

# લોકસભા સ્પીકર થયા ગુસ્સે, સાંસદોને કહ્યું - વાર્તાઓ ન સંભળાવો

## તમે મહાભારતનું વર્ણન ન કરો, તમે પ્રશ્નો પૂછો : બિરલા

નવી દિલ્હી, તા. ૨

આ દિવસોમાં લોકસભામાં મહાભારતનો ખૂબ જ ઉલ્લેખ થઈ રહ્યો છે. નીચલા ગૃહમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા આપવામાં આવેલા ચક્રવ્યુહ નિવેદન પર રાજકીય વિવાદ ચાલુ છે. આ દરમિયાન અધ્યક્ષ ઓમ બિરલા આજે શુક્રવારે ગુસ્સે થઈ ગયા. તેમણે કોઈનું નામ લીધા વિના કટાક્ષ કરતાં કહ્યું કે આજકાલ અહીં મહાભારતના વર્ણનની વાત વધુ થાય છે. અહીં વાર્તાઓ ન કહો પણ પ્રશ્નો પૂછો. ગૃહમાં પ્રશ્નકાળ દરમિયાન, ભારતીય જનતા પાર્ટી (BJP) સાંસદ પ્રદીપ પુરોહિતે આયુષ મંત્રાલય સાથે સંબંધિત પ્રશ્ન પૂછતી વખતે રામાયણની એક ઘટનાનો ઉલ્લેખ કર્યો. તેના પર બિરલાએ કહ્યું કે તમે મહાભારતનું વર્ણન ન કરો, તમે પ્રશ્નો પૂછો.

ઉલ્લેખનીય છે કે લોકસભાના અધ્યક્ષે કોઈનું નામ લીધું ન હતું, પરંતુ સોમવારે ગૃહમાં બજેટ પર ચર્ચામાં ભાગ લેતી વખતે વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ મહાભારતની ઘટનાનો ઉલ્લેખ કરીને સરકાર પર નિશાન સાધ્યું હતું. જે બાદ મ્નૌં સાંસદ પ્રદીપ પુરોહિતે આયુષ મંત્રાલય સાથે સંબંધિત પ્રશ્ન પૂછતી વખતે રામાયણની ઘટનાનો ઉલ્લેખ કર્યો હતો. તેના પર બિરલાએ કહ્યું હતું કે આજકાલ લોકસભામાં મહાભારતના વર્ણનની વધુ ચર્ચા થઈ રહી છે.

રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર ભારતને અભિમન્યુની જેમ ચક્રવ્યૂહમાં ફસાવવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે વિપક્ષી ગઠબંધન 'ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટલ ઈક્લુઝિવ એલાયન્સ' આ ચક્રવ્યૂહને તોડી નાખશે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ લોકસભામાં રાહુલ ગાંધીએ જ્યારે અભિમન્યુ અને ચક્રવ્યુહની કહાનીનો ઉલ્લેખ કર્યો ત્યારે સદનમાં જાતિને લઈને ભારે હોબાળો થયો હતો. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે નિવેદન આપ્યું હતું કે જે પોતાની જાતિ જાણતો નથી તે જાતિ ગણતરી કરાવવાની વાત કરે છે. આ પછી વિપક્ષોએ ફરી ભાજપને ઘેરવાનો પ્રયાસ કર્યો. જે પછી અનુરાગ ઠાકુરે બીજા દિવસે ગૃહમાં નિવેદન આપતાં કહ્યું, 'મેં કોઈ ખાસ વ્યક્તિનું નામ નથી લીધું. મારો કહેવાનો મતલબ એવો હતો કે જેને જ્ઞાતિનું જ્ઞાન નથી તે જાતિની વસ્તી ગણતરીની વાત કરે છે. તમને જણાવી દઈએ કે સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે આ મામલે તીખી પ્રતિક્રિયા આપી હતી. ગૃહમાં બોલતા અખિલેશ યાદવે અનુરાગ ઠાકુરને ઘેરવાનો પ્રયાસ કર્યો અને કહ્યું કે તેઓ કોઈની જાતિ વિશે કેવી રીતે પૂછી શકે છે. આ સંપૂર્ણપણે અયોગ્ય વર્તન છે.

### જૂના શિક્ષકોની ભરતી અંગે નવા નિયમો

# શિક્ષકોને ૫ વર્ષનો અનુભવ હોય તો અરજી કરી શકાશે

## શૈક્ષણિક અનુભવને આધારે મેરીટ તૈયાર કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૨

રાજ્યમાં જૂના શિક્ષકોની ભરતી પ્રક્રિયા અન્વયે શિક્ષણ વિભાગના દ્વારા સૂચનાઓ જાહેર કરવામાં આવી છે. જે અંતર્ગત હવે જૂના શિક્ષકની ભરતી પ્રક્રિયામાં જૂના શિક્ષક અને શિક્ષણ સહાયકનો રેશિયો ૧:૩નો રહેશે. શિક્ષણ વિભાગ હસ્તકની ગ્રાન્ટેડ શાળામાં(લઘુમતી સિવાય) ઓછામાં ઓછા પાંચ વર્ષનો અનુભવ ધરાવતા હાલ સેવામાં હોય તેવા નિયમિત શિક્ષક જૂના શિક્ષક તરીકે અરજી કરી શકશે. આ સમગ્ર ભરતી પ્રક્રિયા પોર્ટલ દ્વારા ઓનલાઈન કરવામાં આવશે.

શિક્ષણ વિભાગની યાદીમાં જણાવ્યા અનુસાર આ ઠરાવની તારીખે વયનિવૃત્તિ માટે બે વર્ષ કરતાં ઓછો સમય બાકી હોય તેવા શિક્ષક અરજી કરી શકશે નહીં. જૂના શિક્ષક તરીકે ભરતી માટે સમગ્ર સેવાકાળ દરમિયાન માત્ર એક જ વખત લાભ મળવાપાત્ર થશે અને જૂના શિક્ષક તરીકે નિમણૂક મળતાં તે શિક્ષકની સેવા સળંગ ગણાશે. ગ્રાન્ટેડ શાળામાં શિક્ષણ સહાયક તરીકે કરેલ ફિક્સ પગારની નોકરીનો અનુભવ ગ્રાહ્ય રહેશે અને જૂના શિક્ષક તરીકે ભરતીની લાયકાત ઉમેદવારના શૈક્ષણિક અનુભવને આધારે મેરીટ તૈયાર કરવામાં આવશે. રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે શિક્ષણ વિભાગના ઠરાવમાં ૧:૩ના રેશિયાથી શિક્ષકોની ભરતી કરવાની જોગવાઈ હતી. જુના શિક્ષકની આ ભરતી વર્ષ ૨૦૧૧માં થઈ હતી. ત્યારબાદ વર્ષ ૨૦૧૬ની ભરતીમાં શિક્ષક તરીકેનો ફિક્સ પગારનો સમયગાળો ગણવો કે નહિ તે પ્રશ્નનું નિરાકારણ લાવવામાં આવ્યું છે. જેમાં વતનથી દુર નોકરી કરતા ગ્રાન્ટેડ શાળાના શિક્ષકને વતનનો તથા કુટુંબ સાથે રહેવાનો લાભ મળે અને સામાજિક જીવન અસ્ત-વ્યસ્ત થતુ અટકે તેનો સરાહનીય નિર્ણય કરાયો છે.

રાજ્યની ગ્રાન્ટેડ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલમાં જૂના શિક્ષકોની ભરતી એટલે ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકમાં ૧૦૦ જગ્યાઓ છે એમાંથી ૭૫ જે મેરિટમાંથી જ ભરાશે અને બાકીની ૨૫ જગ્યા જે ઓલરેડી ગ્રાન્ટેડ શાળામાં શિક્ષક છે એ લોકોની આમાંથી ભરતી થાય.

માની લો કે, જો કોઈ ખેડા જિલ્લાનો ઉમેદવાર કચ્છમાં નોકરી કરતો હોય તો હવે ખેડા જિલ્લામાં ગ્રાન્ટેડ શાળામાં જૂના શિક્ષકની જગ્યા હોય તો એને પછી વતનમાં આવવાની તક મળે, એના અમુક ધારાધોરણ હોય કે, ૫ વર્ષની નોકરી હોવી જોઈએ અને નિવૃત્તિના સમય આડે ૨ વર્ષ કરતા વધુ સમય હોય તો જ અરજી કરી શકે. તેમજ ગણિત-વિજ્ઞાનના શિક્ષકની જગ્યા ખાલી હોય અને તે ગણિત વિજ્ઞાનના શિક્ષક હોય તો જ તેની નિયુક્તિ થઈ શકે.

### ગેનીબેન ઠાકોરની નિમણૂકને હકારાત્મક પ્રતિસાદ

# ગેનીબેન ઠાકોરની રાજકોટ એઈમ્સના સભ્ય તરીકે નિમણૂક

## આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાની પણ એઈમ્સના સદસ્ય તરીકે પસંદગી કરવામાં આવી છે

નવી દિલ્હી, તા. ૨

કેન્દ્ર સરકારે બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોરની રાજકોટ ઓલ ઈન્ડિયા ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસ (એઈમ્સ)ના સદસ્ય તરીકે નિમણૂક કરી છે. આ નિમણૂક સાથે, ગેનીબેન ઠાકોર હવે દેશની પ્રતિષ્ઠિત મેડિકલ સંસ્થાના નિર્ણય લેવાની પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાની પણ એઈમ્સના સદસ્ય તરીકે પસંદગી કરવામાં આવી છે.

ગેનીબેન ઠાકોરની નિમણૂકને લઈને સ્થાનિક રાજકીય અને આરોગ્ય વર્તુળોમાં હકારાત્મક પ્રતિસાદ મળ્યો છે. ઘણા લોકોએ આશા વ્યક્ત કરી છે કે એઈમ્સના પદ પર રહીને ગેનીબેન દર્દીઓની સેવામાં અગ્રેસર રહેશે.

આ લોકસભા ચૂંટણી ૨૦૨૪માં બનાસકાંઠા બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરને ૬૭,૧૮૮૩ મત મળ્યા હતા, અને ભાજપના ઉમેદવાર ડૉ. રેખાબેન ચૌધરીને ૬૪,૧૪૭૭ મત મળ્યા હતા. આ ચૂટણીમાં ગેનીબેન ઠાકોરે ભાજપના ઉમેદવારને ૩૦,૪૦૬ મતોની લીડથી હરાવી દીધા અને પ્રથમવાર બનાસકાંઠા બેઠક પર કબજો કર્યો. આ સાથે ગુજરાતમાં કોંગ્રેસી કાર્યકર્તાઓમાં નવો જુસ્સો અને જોમ ભરાયો છે. ગેનીબેને બાજી મારતા ૬૨ વર્ષ બાદ બનાસકાંઠાને મહિલા સાંસદ મળ્યા છે. ૧૯૬૨ બાદ પ્રથમ વખત બનાસકાંઠા બેઠક પરથી મહિલાને સંસદમાં જવાનો મોકો મળ્યો. ૧૯૬૨માં ઝોહરાબેન ચાવડા કોંગ્રેસની ટિકિટ પર સાંસદ તરીકે ચૂંટાયા હતા.

ગેની ઠાકોર જેમનું પૂરું નામ ગેનીબેન નાગાજી ઠાકોર છે, ગેનીબેન ઠાકોર કોંગ્રેસ પક્ષના મહિલા રાજકારણી અને ઉમેદવાર છે જે ગુજરાત વિધાનસભાની વાવ બેઠકના ધારાસભ્ય પણ છે. ગેનીબેને ધોરણ ૧૨ સુધીનો અભ્યાસ કર્યો છે. તેમણે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાંથી ૨૦૧૭ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડી હતી અને ભારતીય જનતા પાર્ટીના શંકર ચૌધરી સામે વિજય મેળવ્યો હતો. ૨૦૧૭માં તેમણે વાવ મતવિસ્તારમાંથી કોંગ્રેસ પક્ષના ઉમેદવાર તરીકે ગુજરાત વિધાનસભાની ચૂંટણી લડી હતી અને ૬૬૫૫ મતની સરસાઈ સાથે જીત મેળવી હતી. ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં તેઓ ફરીથી વાવ બેઠક પરથી ચૂંટાયા હતા. ગેનીબેને ઠાકોર સમાજની અપરિણીત યુવતીઓ માટે મોબાઈલ ફોનના ઉપયોગ પર પ્રતિબંધ મુકવાના નિર્ણયને સમર્થન આપ્યું હતું.તેમણે કહ્યું હતુ કે યુવતીઓને માટે મોબાઈલના ઉપયોગ પર પ્રતિબંધ મુકવો કઈ ખોટો નથી સાથેના નિવેદનો બાદ તેઓ ચર્ચામાં આવ્યા હતા.

### દુર્ઘટનાના પીડિતો માટે કોંગ્રેસની ન્યાય યાત્રા

# કોંગ્રેસની ન્યાયયાત્રા ૯ મીએ મોરબીથી શરૂ કરીને સાત દિવસમાં ૩૦૦ કિમીનું અંતર કાપશે

## મોરબી થી શરૂ થનારી આ ન્યાય યાત્રા રાજકોટ સુરેન્દ્રનગર થઈને ગાંધીનગર સુધી પહોંચશે

રાજકોટ, તા. ૨

કોંગ્રેસ ગુજરાતમાં ન્યાય યાત્રા કરવા જઈ રહયું છે. મોરબી થી શરૂ થનારી આ ન્યાય યાત્રા રાજકોટ સુરેન્દ્રનગર થઈને ગાંધીનગર સુધી પહોંચશે. કુલ ૩૦૦ કિલોમીટરની આ ન્યાયયાત્રા ફરશે. આ ન્યાય યાત્રા અંગે માહિતી આપવા આજે ખાસ પત્રકાર પરિષદ યોજાઈ હતી. આગામી ૯ ઓગસ્ટથી કોંગ્રેસની ન્યાય યાત્રાનો પ્રારંભ થશે.આ ન્યાય યાત્રા મોરબી ખાતે બનેલી ઝુલતાપુલ દુર્ઘટનાના સ્થળેથી શરૂ થશે. દુર્ઘટના સ્થળ પરથી ધ્વજ ફરકાવી સવારમાં ૯:૦૦ વાગે આ યાત્રાનો પ્રારંભ કરાશે. મોરબીથી શરૂ થનારી આ ન્યાય યાત્રા ટંકારા જશે ત્યાંથી ગૌરીદળ જશે અને રતનપર થઈ ૧૧ તારીખે રાજકોટ પહોંચશે.

રાજકોટમા TRP ગેમ્સ ઝોન ખાતે સંવેદના સભા યોજવામાં આવશે. આ ન્યાય યાત્રા રાજકોટમાં રાત્રી રોકાણ કરશે ત્યારબાદ બીજા દિવસે શહેરના અલગ અલગ સ્થળ પર ફરશે. ૧૩ તારીખે આ યાત્રા આગળ વધશે.૧૫ મી ઓગસ્ટના દિવસે સુરેન્દ્રનગર ખાતે ધ્વજ વંદન કાર્યક્રમ યોજાશે. સુરેન્દ્રનગરથી આગળ વધી અમદાવાદ ખાતે પહોંચશે. અમદાવાદ શહેર અને તેના આસપાસના વિસ્તારમાં આ ન્યાય યાત્રા ફરશે. ત્યારબાદ વિધાનસભા સત્ર શરૂ થશે એ દરમિયાન આ ન્યાય યાત્રા ગાંધીનગર ખાતે પહોંચશે.

કોંગ્રેસની આ ન્યાયયાત્રામાં રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી, વેણુ ગોપાલ, મલ્લિકાઅર્જુન ખડગે સહિતના નેતાઓને આમંત્રણ આપવામાં આવશે.આ તમામ નેતાઓ પોતાની અનુકૂળતા પ્રમાણે આ ન્યાય યાત્રામાં જોડાશે. મોરબી થી શરૂ થતી ન્યાય યાત્રામાં એક ઘડો હશે જેને કોંગ્રેસ દ્વારા ભાજપના પાપનો ઘડો નામ અપાશે.આ ઘડામાં લોકો ભાજપ સરકાર પ્રત્યેની ફરિયાદો ચિઠ્ઠીમાં લખી નાખી શકશે અને તેને ચોક્ક્સ જગ્યાએ ફોડી નાખવામાં આવશે.

આ ન્યાય યાત્રામાં ૧૦૦ જેટલા પદયાત્રીઓ સતત સાથે રહેશે. આ ઉપરાંત અલગ અલગ પદયાત્રીઓ પણ જોડાશે.કુલ ૩૦૦ કિલો મીટરની આ ન્યાય યાત્રા હશે જેમાં દરરોજ ૨૫ થી ૩૦ કિલોમીટરનું અંતર કાપવામાં આવશે.કોંગ્રેસના નેતાઓએ કહ્યું હતું કે, એક પણ જગ્યાએ ઢોલ નગારાથી આ ન્યાય યાત્રાનું સ્વાગત નહીં કરવામાં આવે. માત્ર સુતરની આટીઓ થી જ સ્વાગત કરવામાં આવશે.

### રોહિત શર્માએ તોડ્યો વોર્નરનો રેકોર્ડ

# રોહિત બન્યો ઓપનર તરીકે સૌથી ઝડપી ૧૫ હજાર રન બનાવનાર બીજો ખેલાડી

## શ્રીલંકા સામેની વનડે સીરિઝમાં રોહિત શર્માએ ૩૫૨મી ઇનિંગ્સ રમતા ઓપનર તરીકે ૧૫૦૦૦ રન પૂરા કર્યા

નવી દિલ્હી, તા. ૨

ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માએ શ્રીલંકા સામેની પહેલી વનડે મેચમાં ઓપનર તરીકે ૧૫,૦૦૦ રન પૂરા કર્યા. રોહિત ભારત તરફથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ૧૫,૦૦૦ રન કરનાર ભારતનો ત્રીજો બેટર બની ગયો છે. આ સાથે જ તે ઓપનર તરીકે ૧૫,૦૦૦ રન બનાવનાર બીજો સૌથી ઝડપી બેટર બની ગયો છે.

શ્રીલંકા સામેની વનડે સીરિઝમાં રોહિત શર્માએ પોતાની ૩૫૨મી ઈનિંગ્સ રમતા ઓપનર તરીકે ૧૫૦૦૦ રન પૂરા કર્યા હતા. તેણે ડેવિડ વોર્નરનો આ ખાસ રેકોર્ડ તોડી નાખ્યો છે જેમાં ડેવિડે ૩૬૧ ઈનિંગ્સમાં ૧૫૦૦૦ રન પૂરા કર્યા હતા. હવે રોહિત ઓપનર તરીકે સૌથી ઝડપી ૧૫,૦૦૦ રન પૂરા કરનાર વિશ્વનો બીજો ઝડપી બેટર બની ગયો છે. જ્યારે વોર્નર પોતાનું સ્થાન ગુમાવતા ત્રીજા સ્થાને સરકી ગયો છે. આ યાદીમાં પહેલું સ્થાન સચિન તેંડુલકરનું છે જેણે ૩૩૧ ઈનિંગ્સ રમીને આ રેકોર્ડ બનાવ્યો હતો.

ઓપનર તરીકે સૌથી ઝડપી ૧૫૦૦૦ રન કરનાર બેટર

૩૩૧ – સચિન તેંડુલકર
૩૫૨ – રોહિત શર્મા
૩૬૧ – ડેવિડ વોર્નર
૩૬૩ – વીરેન્દ્ર સેહવાગ
૩૬૮ – ગ્રીમ સ્મિથ
૩૭૪ – એલિસ્ટર કૂક

રોહિત શર્માએ ઓપનર તરીકે ૧૫,૦૦૦ રન પૂરા કરીને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં આવું કરનારો ત્રીજો ભારતીય બેટર બની ગયો છે. રોહિતે પહેલા આ કારનામું વીરેન્દ્ર સેહવાગ અને સચિન તેંડુલકરે ભારત માટે કરી ચૂક્યા છે. ભારત તરફથી ઓપનર તરીકે સેહવાગે સૌથી વધુ રન બનાવ્યા છે જ્યારે સચિન બીજા અને રોહિત ત્રીજા ક્રમે છે.

ભારતીય ઓપનર તરીકે સૌથી વધુ આંતરરાષ્ટ્રીય રન કરનાર બેટર

૧૬૧૧૯ રન – વીરેન્દ્ર સેહવાગ
૧૫૩૩૫ રન – સચિન તેંડુલકર
૧૫,૦૦૦ રન – રોહિત શર્મા
૧૨૨૫૮ રન – સુનીલ ગાવસ્કર
૧૦૮૬૭ રન – શિખર ધવન

### જિલ્લા મહિલા બાલ વિકાસ અધિકારીએ સ્ત્રી સશકિત કરણ અંગે માર્ગદર્શન આપ્યું

# વડીયા ખાતે મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી વંદન ઉત્સવ ઉજવાયો

## કાનૂની શિક્ષણ શિબિરથી મહિલાઓને કાયદા બાબતે પણ જાગૃત કરાઈ

વડીયા, તા. ૨

સમગ્ર દેશમાં મહિલા સશકિત કરણ બાબતે અનેક કાર્યક્રમ અને યોજનાઓ અમલી બનાવવામાં આવી છે ત્યારે વડિલા ખાતે જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા નારી વંદના ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો જેમાં વડિલા સ્થિત પટેલ વડિલામાં યોજાયેલ કાર્યક્રમમાં જિલ્લા મહિલા બાળ વિકાસ અધિકારી મનીષાબેન મુલતાની દ્વારા મહિલાઓના હકો, સામાજિક દરજ્જો, સરકારની વિવિધ યોજનાઓ અને નારી સન્માન વિશે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ તો સાથે કાનૂની શિક્ષણ શિબિર યોજી સિનિયર મહિલા એડવોકેટ જયશ્રીબેન પારેખ દ્વારા મહિલા સંબંધી કાયદાઓ બાબતે માર્ગદર્શન અપાયું હતુ આ કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ વિકાસ અધિકારી મનીષાબેન મુલતાની, જિલ્લા ભાજપ મહિલા મોર્ચાના મંત્રી



રમાબેન, સિનિયર એડવોકેટ જયશ્રીબેન પારેખ, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, તાલુકા પંચાયત પ્રમુખ પરષોતમભાઈ હિરપરા,વડિયા સરપંચ મનીષભાઈ ઢોલરીયા, પૂર્વ સરપંચ છગનભાઈ ઢોલરીયા, ભીખુભાઈ વોરા સહિતના લોકોએ હાજરી આપી હતી અને સ્થાનિક મહિલાઓએ કાર્યક્રમ સફળ આયોજન અલ્પાહાર સાથે કર્યું હતુ.

તદ્દન મફત/વિના મુલ્યે આયુર્વેદિક વિભાગ દ્વારા આયોજીત કેમ્પ ૧ દિવસથી ૧૨ વર્ષનાં બધા બાળકોને શિબિરમાં ડ્રોપ્સ આપવામાં આવશે.

પુષ્યનક્ષત્ર ના શુભ અવસરે સુવર્ણપ્રાશન સંસ્કાર દ્વારા આપના બાળકને આપો સંપૂર્ણ સ્વાસ્થ્યની સૂવર્ણ ભેટ

તા. ૦૩–૦૮–૨૦૨૪ શનિવાર | સમય : સવારનાં ૯ થી ૧, સાંજના ૫ થી ૮ સુધી

સુવર્ણપ્રાશન દરરોજ પણ આપી શકાય છે | વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો.



કેમ્પનું સ્થળ : નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલ (ગોળ દવાખાનું)
ચિતલ રોડ, અમરેલી. મો. ૯૯૭૮૯ ૬૬૬૨૯

આયુર્વેદ ઈમ્યુનાયઝેશન ફાયદાઓ
- યાદશકિત અને ગ્રહણશકિતમાં વધારો
- આયુર્વેદીક રસીકરણ
- ઉંમર પ્રમાણે વજન અને ઉંચાઈનો વધારો
- પાચનશકિતમાં વધારો
- રોગપ્રતિકારક શકિત વધવાથી સીઝનલ રોગો ઓછા થવા
- મગજતેજ અને બાળક ઉત્સાહી બને

## થેલેસેમીયા જેવા ગંભીર દર્દી માટે પણ બલડનો જથ્થો અનામત નથી

# અમરેલીમાં દર્દીઓને જરૂરિયાતનાં સમયે બ્લડ મેળવવું મુશ્કેલ

**જિલ્લાની ૧૫ લાખ જનતા બિસ્માર માર્ગો, ગંદકી, રખડતા પશુઓ સહિતની સેંકડો સમસ્યાઓથી પરેશાન છે**

**જનતાની સમસ્યામાં દિનપ્રતિદિન વધારો થતો હોય તેમ થેલેસેમીયાનાં દર્દીને પણ બ્લડ ઝડપથી મળતું નથી**

**શાંતાબા જનરલ હોસ્પિટલમાં તમામ ગૃપનાં બ્લડનો સ્ટોક જાળવવા માટે જે કરવું પડે તે કરવું જોઈએ**

**જિલ્લાભરની સેવાભાવી સંસ્થાઓ અને આગેવાનોએ બ્લડ માટેનાં કેમ્પમાં વધારો કરવો જરૂરી**

અમરેલી, તા. ૨

અમરેલીજિલ્લાની ૧૫લાખ જનતા બિસ્માર માર્ગો, ગંદકી, રખડતા પશુઓસહિતનીઅનેકસમસ્યાઓવચ્ચે જીંદગી પસાર કરી રહી છે અને પદાધિકારીઓઅનેઅધિકારીઓ "સબ સલામત"નાં ગાણા ગાઈ રહ્યા છે. તેવા સમયેજિલ્લાનાંદર્દીઓનેજિલ્લાનાંમુખ્ય મથક અમરેલીમાંથી જરૂરી ગૃપનું બ્લડ પણ ઝડપથી મળતું નથી અને તે માટે સોશ્યલમીડિયાદ્વારાઅપીલકરવીપડી રહીછે.

અમરેલીમાં મોટા ઉપાડે મેડિકલ કોલેજ શરૂ કરવામાં આવી, સરકારીસિવિલહોસ્પિટલનેખાનગીટ્રસ્ટને સોંપવામાં આવી પરંતુ નિષ્ણાંત તબીબો, વિનામૂલ્યેસારવાર કેદવાઓતેમજઅન્ય ટેસ્ટ કરવામાં આવતા નથી તેવી ફરિયાદ અવાર નવાર ઉભી થઈ રહી છે.

જિલ્લાનાં થેલેસેમીયાનાં દર્દીઓને અવારનવાર બ્લડની જરૂર રહેતી હોય છે તેમના માટે સિવિલ હોસ્પિટલમાં બ્લડ અનામત રાખવું જોઈએ. વિના શરત બ્લડ આપવું જોઈએ પરંતુ આજે સોશ્યલ મીડિયામાં અન્યરમળી ૧ થેલેસેમીયાનાંદર્દીનેબ્લડ મેળવવા માટે સોશ્યલમીડિયાનો સહારો લેવો પડી રહ્યો છે.

જિલ્લાની સેવાકીય સંસ્થાઓ અને આગેવાનોએ વધારેમાં વધારે રકતદાન કેમ્પ યોજવાની સાથે સિવિલહોસ્પિટલનાંસંચાલકોએ પણ ગરીબદર્દીઓનેમફતમાંઅનેકોઈપણ શરતવગરબ્લડનીસુવિધાપુરીપાડવી જોઈએ તેવી માંગ ઉભી થઈ રહી છે.

## છેલ્લા ૬ મહિનાથી એક શખ્સ પાછળ પડેલ

# અમરેલીનાં એસ.ટી. બસ સ્ટેન્ડમાં યુવતીની છેડતી થતાં ૧૮૧ અભયમ્ પહોંચી

**અભયમ્ ટીમની સમજાવટ બાદ છેડતી બંધ**

અમરેલી, તા. ૨

અમરેલીનાં બસ સ્ટેન્ડમાં યુવતીની છેડતી ફરિયાદ મળવાથી ૧૮૧ અભયમ ટીમે તુરત જ ઘટના સ્થળે દોડી હતી.

વિગતો એવી છે કે તા. ૩૧/૭/૨૦૨૪ ના રોજ યુવતીનો અભયમ મહિલા હેલ્પ લાઈન પર પર કોલ કરી જણાવાયું કે બસ સ્ટેન્ડમાં કોઈ છોકરો મને હેરાન કરે છે તેથી મદદની જરૂર છે.

૧૮૧ પર કોલ મળતા તરત જ અભયમ ટીમ તેમની મદદ માટે રવાના થયેલ એસ.ટી.બસ સ્ટેન્ડ એ પહોંચી અને યુવતી સાથે વાત કરતા જાણવા મળ્યું કે છેલ્લા ૬ મહિનાથી એક શખ્ય તેમને હેરાન કરે છે. બસ સ્ટેન્ડમાં

અનુસંધાન પાના ૬ ઉપર

## સુરતનાં સીઆઈપીઆર વિનિતાબેન મહેશ્વરી વિરૂધ્ધ ફરિયાદ

# અમરેલીનાં રાધેશ્યામ એગ્રો પ્રા.લી. કંપનીની ફેકટરીમાંથી રૂપિયા ૪૦ લાખની મશીનરીની ઉઠાંતરી

**કંપનીનાં ડાયરેકટરે ચીફ કોર્ટમાં ફરિયાદ કરતાં કોર્ટે આરોપીને હાજર થવા ફરમાન કર્યું**


અમરેલી, તા. ૨

અમરેલીનાંરાધેશ્યામએગ્રો પ્રોડકટસનાં પ્રાઈવેટ લી.નાં ડાયરેકટર બિમલકુમાર મનુભાઈ સાવલીયાએ સુરતનાં સીઆઈપીઆર વિનીતાબેન મહેશ્વરી વિરૂધ્ધ અમરેલી ચીફ કોર્ટમાં ફરિયાદીની ફેકટરીમાંથી કંપનીની કિંમતી મશીનરી કે જેની મશીનરીની કિંમત આશરે ૪૦ લાખથી ૫૦ લાખ હતી. જે આરોપી વિનીતાબેન મહેશ્વરીએ તથા તેના મળતીયા માણસોએ ઉચાપત કરી ચોરી કરી વિશ્વાસઘાત તેમજ છેતરપીંડી કરી કંપનીમાંથી મશીનરીઓ તથા તેને લગત કિંમતી પાર્ટસની ઉચાપત કરેલ હોય. ફરિયાદીએ અમરેલીનાં ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં આરોપી વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરતાં કોર્ટ ધ્વારા સુરતની વિનીતાબેન મહેશ્વરી વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૭૯, ૩૮૧, ૪૦૩, ૪૦૬, ૪૦૮, ૪૦૯નાં ગુન્હા સબબ આરોપી સામે ગુન્હો નોંધી આરોપીને કોર્ટમાં હાજર થવા સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ છે.

## એસ.ટી. વિભાગને નવા રૂટ શરૂ કરવા નથી ને જુના બંધ કરવા છે

# હે રામ : બગસરાથી રાજકોટ અને જુનાગઢ વચ્ચે વ્હેલી સવારે દોડતી બંને એસ.ટી. બસ બંધ કરી દેવામાં આવી

**નબળી નેતાગીરીનાં અભાવે અધિકારીઓ મનફાવે તેવા કરે નિર્ણય**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨

બગસરા એસ.ટી. ડેપોના અધિકારીઓ પોતાની મનમાની કરતા જોવા મળી રહ્યા છે. અનેક રૂટો બંધ કરી દેવાથી અનેક મુસાફરી કરતા મુસાફરો હેરાનપરેશાન થઈ ગયા છે. વ્હેલી સવારે ઉપડતી બગસરા–રાજકોટ તેમજ બગસરા–જુનાગઢ જેવી કાયમી ચાલતી બસોમાં અચાનક સ્ટાફ ઘટ છે એવું કહી બંધ કરી દેવામાં આવી છે. ત્યારે અહીંના પૂછપરછ બારીમાં લોકો દ્વારા પૂછતા

અનુસંધાન પાના ૬ ઉપર

## જીવદયા પ્રેમીઓની જાગૃતત્તાથી ઉમદા કાર્ય

# સાવરકુંડલાનાં વંડા નજીકથી ટ્રકમાં ભરીને લઈ જવાતી ભેંસને બચાવી લેવાઈ

**સ્થાનિક પોલીસે નિયમાનુસાર કાર્યવાહી હાથ ધરી**

અમરેલી, તા. ૨

સાવરકુંડલાતાલુકાનાવંડા હવેલી પાસે રહેતા જીગ્નેશભાઈ ભોળાભાઈ બાંભણીયા નામનાં ૩૨ વર્ષિય યુવક જીવદયા પ્રેમી તરીકે મુંગા પશુ પક્ષીની સેવા કરતા હોય અને તેઓને છેલ્લા એકાદ માસથી કોઈ અજાણ્યા ટ્રકમાં અજાણ્યા ઈસમો મુંગા ઢોરની હેરફેર કરી કતલખાને લઈ જાય છે તેવી માહિતી મળતા તેઓ છેલ્લા ઘણા સમયથી આ મુંગા પશુઓને કતલખાને લઈ જતા ટ્રકની શોધખોળ કરતા હોય તે દરમ્યાન ગત તા. ૩૧ ના રાત્રે ૯:૧૫ વાગ્યે એક ટ્રક તાલપતરી બાંધેલો વંડાથી પસાર થતો હોય. તેના ઉપર આ યુવકને તથા તેમના મિત્રોને શક જતા આ ટ્રકનો પીછો કરી લુવારા ગામ (તા. ગારીયાધાર) ખાતેથી પકડી પાડેલ જેની તલાશી લેતા આ ટ્રકમાં ભેંસ નંગ–૧૩ ને ટુંકા દોરડા વડે બાંધી ખીચોખીચ ભરેલ હોય અને ઘાસચારાની તથા પીવાના પાણીની વ્યવસ્થા ટ્રકમાં કરેલ ન હોય. આ ટ્રકને ભેંસો સાથે પકડી પાડી ભેંસોને વંડા ગૌશાળા ખાતે જમા કરાવી ટ્રકને વંડા પોલીસ સ્ટેશને રખાવેલ હતી. જેથી કતલખાને ભેંસોને મોકલનાર માલીક તથા ટ્રક નં. જી.જે.–૩૮ ટી–૫૦૨૯ ના ચાલક અલ્તાફ (રહે. શિહોર) તથા ટ્રકના માલીક તેમજ આ પ્રવુત્તિમાં સંડોવાયેલ તમામ વિરૂધ્ધ કાયદેસર થવા જીગ્નેશભાઈ ભોળાભાઈ બાંભણીયાએ ફરિયાદ નોંધાવી છે.

## માર્ગ પર આડેધડ પાર્ક થતાં વાહનોથી પરેશાની

# બાબરામાં બંધ ટ્રક પાછળ એક્ટિવા ઘુસી જતા ચાલકને ગંભીર ઈજા

**ઈજાગ્રસ્ત બાઈક ચાલકને સારવારમાં ખસેડાયા**

બાબરા,તા.૨

બાબરામાં રાજકોટ–ભાવનગર સ્ટેટ હાઈવે રોડ પર ટ્રક અને એકટિવા વચ્ચે અકસ્માત સર્જાયો હતો જેમાં એકટિવા ચાલકને ગંભીર ઈજાઓ થતા સારવાર અર્થે અમરેલી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

પ્રાથમિક વિગત અનુસાર કોઈ હકીમ નામના વ્યકિત પોતાનું એકટિવા લઈ આ રોડ પર નીકળ્યા હતા. ત્યારે અહીં રોડ પર બંધ પડેલ ટ્રક પાછળ એકટિવા ઘુસી જતા જોરદાર ગમખ્વાર અકસ્માત સર્જાયા બાદ ૧૦૮ મારફતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા અને પોલીસને જાણ થતાં ઘટના સ્થળે દોડી આવી હતી. હકીમ કયાંનો હતો અને કયાં જતો હતો તેમજ ટ્રક સહિતની વિગતો પોલીસ તપાસ બાદ જાણ થશે.



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

# બગસરાનાં માણેકવાડામાં રહેતા વૃધ્ધાનું બીમારીથી મોત થયું

અમરેલી, તા. ૨

અમરેલીનાચકકરગઢરોડ, ગંગાનગર–૧ માં રહેતા જેન્તીભાઈ કેશુભાઈ કવા નામનાં ૫૨ વર્ષિય આધેડના કાકી બગસરા તાલુકાના માણેકવાડા ગામે રહેતા જયાબેન પોપટભાઈ જીવરાજભાઈ કવા નામનાં ૭૦ વર્ષિય વૃધ્ધાની મોટી ઉંમરના કારણે અને શરીરમાં ઘણી બધી બીમારીઓથી પીડાતા હોય જેના કારણે શરીરે સોજા ચડી જવાની બીમારીના કારણે મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલછે.

# ખાંભાનાં ધાતરવડી પુલ નજીક જુગાર રમતા ૭ પત્તાપ્રેમીઓ ઝડપાયા

અમરેલી, તા. ૨

ખાંભા ગામે આવેલ ભગવતીપરામાં રહેતા યુનુસભાઈ મહમહભાઈ સુમરા, અલ્તાફભાઈ સુલેમાનભાઈ દલ, મેહુલભાઈ જીતુભાઈ સોલંકી, અનજુમભાઈ સતારભાઈ પરમાર, હનીફભાઈ હાજીભાઈ શેતા, સબીરભાઈ અલારખભાઈ જોખીયા તથા ઈમરાનભાઈ સતારભાઈ પરમાર સહિત સાતેય ઈસમો તા. ૧ ના રોજ સાંજે ૭:૩૦ વાગ્યે ખાંભા ગામે આવેલ ધાતરવડી પુલ પાસે યુનુસભાઈ મહમદભાઈ સુમરાના ઘર પાસે જાહેરમાં પૈસા પાનાની હારજીતનો જુગાર રમતા હોય. પોલીસે દરોડો પાડી રોકડ રકમ રૂપિયા ૩૩,૬૭૦ તથા મોબાઈલ ફોન નંગ–૫ કિંમત રૂપિયા ૪૬,૪૦૦ મળી કુલ રૂપિયા ૮૦,૦૭૦ ના મુદ્દામાલ સાથે રેઈડ દરમ્યાન ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.




*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)